RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 303* Date: 30.08.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગુજરાત રમખાણ સાથે જોડાયેલા તમામ કેસ બંધ

નવીદિલ્હી,તા.૩૦

સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લેતાં બાબરી મસ્જિદ વિધ્વંસ અને ગુજરાત રમખાણો સાથે જોડાયેલા કેસ બંધ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે ગુજરાત રમખાણોને લઈને દાખલ કરવામાં આવેલી અરજીઓનો હવે કોઇ અર્થ નથી. એવામાં તેમના પર કાર્યવાહીને બંધ કરવામાં આવી રહી છે. કોર્ટે કહ્યું કે ગુજરાત રમખાણોના ૯ માંથી ૮ કેસમાં ટ્રાયલ પુરી થઇ ગઇ છે. આ ઉપરાંત કોર્ટે બાબરી વિધ્વંસ સાથે જોડાયેલા તિરસ્કારના કેસોને બંધ કરવાનો આદેશ આપ્યો છે.

જોકે સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદ વિધ્વંસ કેસમાં એડવોકેટ પ્રશાંત ભૂષણ અને પત્રકાર તરૂણ તેજપાલ વિરૂદ્ધ તિરસ્કારની અવગણનાની કાર્યવાહીને બંધ કરવાનો આદેશ આપ્યો છે. બંનેએ આ મામલે માફી માંગી લીધી છે. જોકે પ્રશાંત ભૂષણે ૨૦૦૯ માં એક ઈન્ટરવ્યૂમાં પૂર્વ અને હાલના જજો પર ભ્રષ્ટાચારના આરોપ લગાવવામાં આવ્યા હતા. આ કેસની પેરવી કરતાં કપિલ સિબ્બલે કહ્યું કે પ્રશાંત ભૂષણ અને તરૂણ તેજપાલે માફી માંગી લીધી છે. એટલા માટે બંને વિરૂદ્ધ કેસને બંધ કરવામાં આવે છે. તેમની આ માંગને જસ્ટિસ ઈન્દીરા બેનર્જી, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એમ.એમ. સુંદરેશની બેંચએ સ્વિકાર કરી લીધો છે.

પ્રશાંત ભૂષણ અને તરૂણ તેજપાલને નવેમ્બર ૨૦૦૯ માં નોટીસ જાહેર કરવામં આવી હતી. પ્રશાંત ભૂષણે તેના પર સ્પષ્ટતા આપતાં કહ્યું હતું કે ‘મે તહેલકાને ૨૦૦૯ માં જે ઈન્ટરવ્યું આપ્યો હતો, તેમાં કરપ્શન શબ્દ કોઇ વિશેષ વસ્તુ માટે કરવામાં આવ્યો ન હતો. આ વાત મે વ્યાપક સંદર્ભમાં કહી હતી. તેનો સંબંધ નાણાકીય ભ્રષ્ટાચાર સાથે નથી. જો કોઇ જજ અથવા પછી તેમના પરિવારને તેનાથી દુખ પહોંચ્યું હોય તો માફી માંગુ છું. ‘પ્રશાંત ભૂષણે ઓગસ્ટ ૨૦૨૦ માં પોતાના નિવેદન પર માફી માંગી હતી.

ચીફ જસ્ટિસ યૂ યૂ લલિતની અધ્યક્ષતા વાળી બેંચે કહ્યું કે આટલા લાંબા સમય બાદ આ મામલાઓની સુનાવણીનો કોઈ અર્થ નથી. સુપ્રીમ કોર્ટમાં ગુજરાત રમખાણોને લગતી અનેક અરજીઓ પેન્ડિંગ છે. નીચલી અદાલતોએ ગુજરાત રમખાણો સાથે જોડાયેલા ૯ માંથી ૮ કેસોમાં ચૂકાદો આપ્યો છે. નરોડા ગામને લગતા એક કેસની સુનાવણી હજુ પણ ચાલુ છે. તેની સાથે સંબંધિત કોઈ પણ કેસની અલગથી સુનાવણી કરવાની જરૂર નથી. ૨૪ જૂને સુપ્રીમ કોર્ટે ઝાકિયા જાફરીની પીએમ મોદી વિરુદ્ધની અરજી ફગાવી દીધી હતી. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં ક્લિનચીટ આપતા એસઆઈટીના રિપોર્ટ સામે આ અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમે ચુકાદો આપ્યો હતો કે ઝાકિયાની અરજીમાં યોગ્યતા નથી.

સર્વોચ્ચ અદાલતમાં ગુજરાતનાં રમખાણો સંબંધિત દસ અરજીઓ હતી, જેમાંથી એક રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ તરફથી પણ દાખલ કરવામાં આવી હતી.મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ યુયુ લલિત, જસ્ટિસ રવીન્દ્ર ભટ્ટ અને જેબી પારડીવાલાની બેન્ચે કહ્યું છે કે કોર્ટે આ મામલે વિશેષ તપાસસમિતિ રચી હતી અને રમખાણો સાથે જોડાયેલા નવમાંથી આઠ કેસમાં સુનાવણી પણ પૂર્ણ થઈ ગઈ છે. તેમણે નોંધ્યું હતું કે માત્ર નરોડા પાટિયા રમખાણોનો કેસ ટ્રાયલ સ્ટેજ પર છે અને અંતિમ દલીલોના તબક્કામાં છે.એસઆઈટી તરફથી કોર્ટમાં વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ જણાવ્યું કે નવમાંથી માત્ર એક જ કેસની સુનાવણી બાકી છે. આ નરોડા ગામ વિસ્તાર સાથે સંકળાયેલો કેસ છે અને એ અંતિમ દલીલોના તબક્કામાં છે. મુખ્ય ન્યાયાધીશે એવું પણ કહ્યું કે નરોડા કેસમાં કાયદા અનુસાર સુનાવણી થશે અને એસઆઈટી એની રીતે કાર્યવાહી કરી શકે છે. નોંધનીય છે કે ગોધરામાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન ઉપર થયેલા હુમલા બાદ ગુજરાતભરમાં તોફાનો શરૂ થયાં હતાં.ફેબ્રુઆરી ૨૮,



૨૦૦૨ના રોજ બજરંગદળના તેમજ બીજા લોકોએ મળીને અમદાવાદના નરોડા પાટિયા વિસ્તારને ચારે બાજુથી ઘેરી લીધો હતો અને તે વસાહતનાં અનેક મકાનોને આગ ચાંપી દીધી હતી. આ હત્યાકાંડમાં ૯૭ લોકો માર્યા ગયા હતા. જીૃની રચના પહેલાં સ્થાનિક પોલીસે આ કેસમાં ૪૬ લોકોની ધરપકડ કરી હતી અને ચાર ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસમાં કુલ ૭૦ આરોપીઓ પૈકી સાત આરોપીઓનાં ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયાં હતાં અને બે લોકો ભાગેડુ હતા.

### મફત દિવ્યાંગ અને નિર્ધન સામૂહિક વિવાહ સમારોહ યોજાયો

## ગુજરાત સહિત દેશભરની ૫૦ પુત્રીઓ ડોલીમાં બેસી સાજનના ઘરે પહોંચી

ઉદયપુર,તા.૩૦

નારાયણ સેવા સંસ્થાનનો ૩૮માં મફત દિવ્યાંગ અને નિર્ધન યુવક યુવતી સમારોહ ધામધૂમથી સંપન્ન થયો હતો આ સમારોહમાં ગુજરાત અને દેશભરમાંથી આવેલી ૫૦ જોડીઓએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પવિત્ર અગ્નિની સાક્ષીએ સાત વચન લઇ લગ્નગ્રંથીથી જોડાઇ હતી. આ સમારોહના મુખ્ય અતિથિ રાજયના ઉદ્યોગ અને દેવસ્થાન મંત્રી શુકન્તલા રાવતે વીડિયો સંદેશ દ્વારા નવ દંપત્તિઓને આરોગ્ય સમૃધ્ધિ અને સુખમય જીવનના આર્શીવાદ આપ્યા હતાં.

સંસ્થાનના અધ્યક્ષ પ્રશાંત અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજસ્થાન,ગુજરાત ઉતરપ્રદેશ બિહાર વગેરે રાજયોના દિવ્યાંગ અને નિર્ધન ૫૦ જોડીઓ લગ્નગ્રંથી જોડાઇ હતી આ જોડીઓમાંથી મોટાભાગની સંસ્થાનની હોસ્પિટલમાં જ દિવ્યાંગતા સુધારની મફત સર્જરી કરાવી હતી સંસ્થાન દ્વારા તેમને સ્વનિર્ભર અને પુર્નવાસની દૃષ્ટિથી રોજગારીની તાલીમ આપવામાં આવી હતી આ જોડીઓમાંથી કોઇ પગથી તો કોઇ હાથથી દિવ્યાંગ હતી

લગ્ન સમારોહમાં તમામ વરરાજાઓની તોરણની વિધિ કરવામાં આવી હતી અને ત્યારબાદ મંચ પર વર અને કન્યાએ એક બીજાને વરમાળા પહેરાવી હતી આ પ્રસંગે તમામ વર અને કન્યાઓ પર ગુલાબી રંગની પાંખડીઓની વર્ષા કરવામાં આવી હતી આ દરમિયાન સમગ્ર મંડપ પરિસરમાં હાજર મહેમાનોએ વર કન્યાને અભિનંદન પાઠવ્યા હતાં ૫૦ વેદી કુંડો પર આચાર્યોએ મુખ્ય આચાર્યના નિર્દેશનમાં વૈદિક વિધિથી લગ્નવિધિ સંપન્ન કરાવી હતી આ સમારંભમાં સંસ્થાનના સહ સંસ્થાપક કમલાદેવી અગ્રવાલ,નિર્દેશક વંદના અગ્રવાલ ટ્રસ્ટી દેવેન્દ્ર ચૌબીસા જગદીશ આર્ય સંસ્થાનના સંયોજક મગિમ જૈન વગેરે હાજર રહ્યાં હતાં

સંસ્થાન તરફથી લગ્નગ્રંથીથી જોડાયેલ તમામ જોડીઓને વસ્ત્રો,આભૂષણ,ગૃહસ્થીની સામગ્રી ભેટમાં આપવામાં આવી હતી આ સમારોહને યાદગાર બનાવવા માટે તમામ જોડીઓને ભેટમાં એક છોડ અને એક ડસ્ટબીન આપવામાં આવ્યો હતો અને તેમને જણાવાયુ હતું કે પોતાના ઘરની બહાર છોડને ઉછેરવામાં આવે અને ઘરની આસપાસ સાફ સફાઇ કરવામાં આવે.

સાંકેતિક રીતે પાંચ દિવ્યાંગ જોડીઓથી સંસ્થાન પરિસરમાં પાંચ છોડ રોપવામાં આવ્યા હતાં.લગ્નવિધિ સંપન્ન થયા બાદ કન્યાઓ ડોલીમાં બેસી સાજનના ઘરે જવા માટે મંડપની બહાર આવી ત્યારે તમામની આંખોમાંથી આસું આવી ગયા હતાં જોડીઓએ અતિથિઓના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતાં

અતિથિઓનું સ્વાગત કરતા સંસ્થાપક ચેરમેન પદ્મશ્રી કૈલાશ માનવે કહ્યું હતું કે જે દિવ્યાંગ અને નિર્ધન પરિવારોનના યુવક યુવતીઓએ પોતાની ગરીબી અને દિવ્યાંગતાને કારણે કયારેય ગૃહસ્થીની કલ્પના કરી ન હતી પરંતુ સંસ્થાન દ્વારા તેમને હરસંભવ મદદ કરવામાં આવી હતી આજે તેઓ સમાજના સહયોગથી અન્ય લોકોની જેમ તમામ અને ભવ્યતાની સાથે લગ્નગ્રંથી જોડાયા છે તેમની આ કલ્પના આજે પુરી કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજસ્થાન સરકારના જન આરોગ્ય મંત્રી ડો મહેશ જોશીએ સંદેશમાં કહ્યું હતું કે નર સેવા નારાયણ સેવાએ સમાજમાં એક ઉદાહરણ પુરૂ પાડયુ છે હું તમામ જોડીઓને વૈવાહિક જીવન શરૂ કરવા પર ઉજજવલ ભવિષ્યની કામના કરૂ છે.

## અર્થશાસ્ત્રી અભિજીત સેનનું ૭૨ વર્ષની ઉંમરે નિધન, ગ્રામીણ અર્થશાસ્ત્રમાં નિપુણ હતાં

નવીદિલ્હી,તા.૩૦

આયોજન પંચના ભૂતપૂર્વ સભ્ય અને ગ્રામીણ અર્થતંત્રના દેશના અગ્રણી નિષ્ણાતોમાંના એક અર્થશાસ્ત્રી અભિજિત સેનનું સોમવારે રાત્રે નિધન થયું છે. તેઓ ૭૨ વર્ષના હતા. તેમના મૃત્યુની જાણ તેમના ભાઈ ડૉક્ટર પ્રણવ સેને કરી. ડૉ. પ્રણવ સેને કહ્યું, ‘તેમને (અભિજીત સેન) લગભગ ૧૧ વાગ્યે હાર્ટ એટેક આવ્યો. અમે તેને હોસ્પિટલ લઈ ગયા, પરંતુ અમે ત્યાં પહોંચ્યા ત્યાં સુધીમાં બધું સમાપ્ત થઈ ગયું હતું.ચાર દાયકાથી વધુની કારકિર્દીમાં, અભિજિત સેને નવી દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર ભણાવ્યું, અને કૃષિ ખર્ચ



અને કિંમતો પરના કમિશનના અધ્યક્ષ સહિત અનેક મહત્વપૂર્ણ સરકારી હોદ્દાઓ સંભાળ્યા. મનમોહન સિંહ જ્યારે વડાપ્રધાન હતા ત્યારે તેઓ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી આયોજન પંચના સભ્ય હતા.

અભિજિત સેને ૧૯૮૫માં જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને આર્થિક અભ્યાસ શીખવ્યો હતો. તેઓ ગ્રામીણ અર્થવ્યવસ્થાના મહાન વિદ્વાન ગણાતા હતા.

## યુપી સરકાર અને સંગઠનમાં કોઇ વિવાદ નથી : ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ ભુપેન્દ્ર ચૌધરી

**આ ભાજપની શક્તિ છે કે મારા જેવા સામાન્ય કાર્યકર્તાને ભાજપે મોટી જવાબદારી આપી છે**

લખનૌ,તા.૩૦

ભાજપના પ્રદેશ અધ્યક્ષ બન્યા બાદ ભુપેન્દ્ર ચૌધરી દિલ્હીથી અહીં પાછા ફરતા કાર્યકર્તાઓ અને પદાધિકારીઓએ ઠેર ઠેર સ્વાગત કર્યું હતું પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રૃજેશ પાઠકે પણ સ્વાગત કાર્યક્રમમાં ભાગ લીધો અને સંગઠનને ગતિ આપવાની અપીલ કરી હતી જયારે ચૌધરીએ કાર્યક્રમમાં કહ્યું કે સંગઠન એકજુથ છે સરકાર અને સંગઠનમાં કોઇ વિવાદ નથી.મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ભાજપે પંચાયત ચુંટણીમાં જબરજસ્ત પ્રદર્શન કર્યું છે મંત્રી રહેતા ચૌધરી ભુપેન્દ્ર સિંહે સ્વચ્છ ભારત અભિયાનમાં શાનદાર પ્રદર્શન કર્યું છે આવનારા સમયમાં ભાજપ પ્રદેશની તમામ બેઠકો પર જીત હાંસલ કરશે તેમણે નવ નિયુકત



સંગઠન મહામંત્રી ધર્મપાલ સિંહનું પણ સ્વાગત કર્યું હતું.

મુખ્યમંત્રી યોગીએ સ્વતંત્ર દેવ સિંહની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે આજે તે તમામ કાર્યકર્તાઓનું મારદર્શન કરે સ્વતંત્ર દેવ સિંહે ત્રણ વર્ષ ત્રણ મહીના પ્રદેશ અધ્યક્ષ રહ્યાં તે રાતમાં પણ સફર કરતા હતાં સરકાર અને સંગઠનની વચ્ચે સારૂ સંકલન બનાવી રાખ્યું જયાં સુધી કેન્દ્રીય નેતૃત્વનો આદેશ થયો ત્યારે તે કામ કરતા રહ્યાં સંગઠનની મહેનતથી ૨૦૨૨ની વિધાનસભા ચુંટણીમાં મોટી જીત હાંસલ થઇ તેમણે કહ્યું કે સ્વતંત્ર સિંહે પરિવહન મંત્રી તરીકે સારૂ કામ કર્યું કુંભમાં પાંચ હજાર બસો મોકલવાનું કામ કર્યું .યોગીએ કહ્યું કે બુથ સ્તરથી લઇ ક્ષેત્ર સ્તર સુધી સંગઠનમાં મજબુત પકકડ રાખનાર નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ ભુપેન્દ્ર ચૌધરી પહેલા પણ અનેક મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી ચુકયા છે આશા છે કે તે કેન્દ્ર અને રાજયની વચ્ચે સેતુનું કામ કરશે જેથી પ્રદેશને વધુ મજબુતી મળે અમે નવા પ્રદેશ અધ્યક્ષ નવા સંગઠન મંત્રીની સાથે એક નવું ઉત્તરપ્રદેશ બનાવવાનું અને તેને મજબુત કરવાનું કામ કરીશું.ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ ચૌધરીએ આ પ્રસંગે કહ્યું કે પાર્ટીના કાર્યકર્તા મૂલ્યો માટે કામ કરે છે હું કેન્દ્રીય નેતૃત્વનો આભાર માનુ છું કે યુપીનું મહત્વપૂર્ણ કામ મને મળ્યું આ ભાજપની શક્તિ છે કે મારા જેવા સામાન્ય કાર્યકર્તાને ભાજપે મોટી જવાબદારી આપી છે હું જીલાધ્યક્ષ,ક્ષેત્ર અધ્યક્ષ અને હવે પ્રદેશ અધ્યક્ષાની જવાબદારી સંભાળવા જઇ રહ્યો છું મારા પાર્ટીએ મને ખુબ સન્માન આપ્યું છએ સરકાર અને સંગઠનમાં કોઇ વિવાદ નથી અમારા એજન્ડા પર જ સરકાર ચાલી રહી છે.

## પ્રદર્શનકારી કર્મચારીઓના ભથ્થામાં વધારો કરવાની સરકારની સ્થિતિ નથી : છત્તીસગઠના મંત્રી સિંહદેવ

**વિવાદ થતા કહ્યું મેં શબ્દોની પસંદગીમાં ખુબ મોટી ભુલ કરી છે જેના માટે હું દુખ વ્યકત કરૂ છું**

રાયપુર,તા.૩૦

છત્તીસગઢના આરોગ્યમંત્રી ટી એસ સિંહદેવની એક વીડિયો વાયરલ થઇ રહી છે જેમાં તેમણે રાજયની સ્થિતિ બતાવતા સરકારની ફજેતી કરી દીધી છે.જયારે આ વીડિયો જાહેર કરતા ભાજપે સરકાર પર નાણાંકીય કુપ્રબંધનનો આરોપ લગાવતા ટીપ્પણી કરતી અને મુખ્યમંત્રી ભુપેશ બધેલને મિસ્ટર બટાધાર બતાવી નાંખ્યા,હકીકતમાં વીડિયોમાં સિંહ દેવને એમ કહેતા સાંભળી શકાય છે કે પ્રદર્શનકારી કર્મચારીઓના ભથ્થામાં વધારો કરવા માટે સરકારની ઔકાત (સ્થિતિ) નથી કારણ કે તે તેમને પહેલા જ ૪૦,૦૦૦ કરોડ રૂપિયા આપી ચુકી છે. જો કે ટીકા થવા પર સિંહ દેવે શબ્દ પસંદ કરવામાં ભુલ બતાવતા તેના માટે દુખ વ્યકત કર્યું છે અને કહ્યું છે કે ભાજપને છત્તીસગઢ સરકારની સાથે સહયોગ કરવો કરવો જોઈએ અને કેન્દ્ર સરકારથી લોકોના હિતમાં રાજયની બાકીની રકમ જારી કરવા માટે કહેવું જોઈએ .એ યાદ રહે કે રાજય સરકારના ચાર લાખથી વધુ કર્મચારી અને અધિકારી ૨૨ ઓગષ્ટથી અચોક્કસ મુદ્દતની હડતાળ પર છે તેમની માંગ છે કે સાતમા પગાર આયોગની ભલામણો અનુસાર તેમને પણ ૩૪ ટકા મોંઘવારી ભથ્થુ,ડીએ),વર્તમાન ડીએ અનુપાનમાં છ ટકાનો વધારો અને મકાન ભાડુ (એચઆરએ) આપવામાં આવે રાજય સરકારે ૧૬ ઓગષ્ટે સરકારી કર્મચારીઓ માટે ડીએમાં છ ટકાના વધારાની જાહેરાત કરી હતી પરંતુ બાદમાં તેને વધારી ૨૮ ટકા કરી દીધી હતી.સિંહ દેવના કાર્યાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે પ્રદર્શન કરી રહેલ કર્મચારીઓનું એક પ્રતિનિધિમંડળ સરગુજા જીલ્લાના અંબિકાપુરમાં સિંહ દેવની તેમના નિવાસ પર મુલાકાત કરી અને માંગણીઓને લઇ આવેદનપત્ર સોંપ્યું હતું વાયરસ થયેલ વીડિયોમાં કર્મચારીઓને મંત્રીથી ડીએ વધારવા માટે કહેતા સાંભળી શકાય છે તેના પર સિંહ દેવે જવાબ આપ્યો કે સરકારની પાસે પૈસા નથી તો કર્મચારીઓને વધારાનો વધારો કેવી રીતે આપી શકાય.મંત્રીએ પ્રદર્શનકારીઓના પ્રતિનિધિમંડળને કહ્યું હતું કે હું સમજી શકુ છું કે તમે કર્મચારી શું કહી રહ્યાં છો પરંતુ પૈસા નથી ઈમાનદારીથી કહુ તો સરકારની પાસે આજે આપને ૫૦૦૦-૬૦૦૦ કરોડ રૂપિયા વધારાના આપવાની ઔકાત નથી સરકાર પહેલા જ આપને ૪૦,૦૦૦ કરોડ રૂપિયા આપી રહી છે.આ વીડિયો વાયરલ થતા ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી રમન સિંહે સિંહ દેવનો વીડિયો ટ્વીટ કરતા લખ્યું કોંગ્રેસ સરકારમાં એક મંત્રી ખુદ કહી રહી છે કે તેમની સરકારની પૈસા આપવાની ઔકાત નથી ભુપેશ બધેલના કુપ્રબંધનને છત્તીગઢને દેવાળીયું અને દેણદાર બનાવી દીધુ છે.તેમણે કહ્યું કે ન તો કર્મચારીઓને પગાર આપવા માટે પૈસા નથી અને ન તો પોતાના કોંગ્રેસના ધોષણાપત્રના વચનોને પુરા કરવા માટે ભુપેશ બંધ છત્તીસગઢના મિસ્ટર બટાધાર (સ્પોઇલસ્પોર્ટ ) છે રમનસિંહે હિન્દીમાં ટ્વીટમાં કહ્યું જો કે સિંહ દેવે રમનસિંહના પોસ્ટ ને રી ટ્વીટ કરી લખ્યું મેં શબ્દોની પસંદગીમાં ખુબ મોટી ભુલ કરી છે જેના માટે હું દુખ વ્યકત કરૂ છું પરંતુ છત્તીસગઢની સાથે કેન્દ્ર સરકારનો નાણાંકીય અસહોય રાજય સરકારનો ખર્ચ વધારવાની ક્ષમતામાં અવરોધક રહ્યો છે તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર છત્તીસગઢને ૨૦,૦૦૦ રૂપિયાથી વધુની લંબિત રકમ જારી કરી રહી નથી તેમણે કહ્યું કે મહેરબાની કરી રાજયના લોકોના હિતમાં (કેન્દ્રથી લંબિત રકમ જારી કરવા માટે કહી ) સહયોગ કરવામાં આવે.

## તંત્રી સ્થાનેથી...

# ઝારખંડનું કોકડું

*ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન દ્વારા પદના દુરુપયોગ મામલે ચૂંટણી પંચ કયા નિષ્કર્ષ પર પહોંચે છે, તેની ખબર ત્યારે જ પડશે જ્યારે રાજ્યપાલ પોતાનો નિર્ણય સંભળાવશે. આ નિર્ણય ગમે તે હોય, તેમાં કોઈ શંકા નહીં કે હેમંત સોરેને ખાણ મંત્રી તરીકે અને મુખ્યમંત્રી તરીકે પોતાના નામે ખાણ પટ્ટો ફાળવીને જનપ્રતિનિધિત્વ કાયદાનું ઉલ્લંઘન કર્યું. એ એનાથી સાબિત થઈ જાય છે કે તેમણે આ બાબતની ફરિયાદ કરી અને તપાસ થયા બાદ પટ્ટો પાછો આપી દીધો. સમજવું મુશ્કેલ છે કે જ્યારે તેઓ પોતાના નામે ખાણ પટ્ટો ફાળવી રહ્યા હતા, ત્યારે સંબંધિત અધિકારીઓએ તેમને એ જણાવ્યું કેમ નહીં કે આ અયોગ્ય અને ગેરકાયદે છે? પ્રશાસનમાં એવા અધિકારીઓ માટે કોઈ જગ્યા ન હોવી જોઈએ, જેઓ પોતાના દાયિત્વોનું યોગ્ય રીતે વહન કરવાને બદલે નેતાઓની હામાં હા કરે અને તેમના ખોટા કામોમાં ભાગીદાર બનવાનું પસંદ કરે. જો ચૂંટણી પંચના નિર્ણયને કારણે હેમંત સોરેનને મુખ્યમંત્રી પદ છોડવું પડી શકે તો એ કોઈ નવી વાત નથી, કારણ કે પદના દુરુપયોગને લઈને પહેલાં પણ ધારાસભ્યો અને સાંસદોની સદસ્યતા જઈ ચૂકી છે.*

*રાજ્યપાલના નિર્ણયની પ્રતીક્ષા વચ્ચે પ્રશ્ન ફક્ત એ નથી કે હેમંત સોરેનનું શું થશે, બલ્કે એ પણ છે કે ઝારખંડ મુક્તિ મોરચાના નેતૃત્વવાળી સંયુક્ત સરકાર બચી રહેશે કે જશે? આ પ્રશ્ન એટલા માટે સપાટી પર છે, કારણ કે હેમંત સોરેન અને તેમની સરકારમાં સામેલ પક્ષોના નેતાઓ એ આરોપ લગાવી રહ્યા છે કે ભાજપ સત્તાધારી ગઠબંધનના ધારાસભ્યોને તોડીને પોતાની સરકાર બનાવવાની વેતરણમાં છે. આ આરોપને સંગીન રૂપ આપવા માટે ધારાસભ્યોને અન્યત્ર લઈ જવામાં આવી રહ્યા છે. જો ગઠબંધન એકજુટ હોય તો પછી તેની શી જરૂર છે? રાજકીય પક્ષોમાં તૂટ-ફૂટ કોઈ નવી વાત નથી, પરંતુ તેની પણ અવગણના ન કરી શકાય કે પોતાની ભૂલો અને અંતર્વિરોધોને ઢાંકવા માટે એવા આરોપ લગાવવા ફેશન બની ગઈ છે કે ભાજપ છળ-કપટથી વિરોધી દળોની સરકારો તોડવામાં પડી છે. જે પણ રાજ્ય સરકાર પોતાના જ કુકર્મોને કારણે કોઈ સંકટમાં ફસાય છે, તે આવા જ આરોપ લગાવવા માંડે છે. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે આ આરોપોમા ંકેટલી સચ્ચાઈ છે કે ભાજપ ઝારખંડમાં સત્તા પરિવર્તન માટે પ્રયાસરત છે, પરંતુ જો તે એવી કોઈ સંભાવના તપાસી રહી હોય તો તે તેના માટે હિતકારી નહીં હોય. તેનાથી એવા આરોપોને ન માત્ર બળ મળશે કે તે યેનકેન પ્રકારે વિપક્ષ શાસિત રાજ્યોમાં પોતાની સરકાર બનાવવામાં લાગી છે, બલ્કે દેશને એ સંદેશ પણ જશે કે તે પોતાની છબિ, ચરિત્ર અને વિચારધારાને લઈને ગંભીર નથી.*

## વડાપ્રધાન મોદી પાસે જે સંસ્થાકીય કુશળતા છે, તે કોઈ દૈવી શક્તિ વગર શક્ય નથીઃ રાજનાથ સિંહ



નવીદિલ્હી,તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દુનિયાના સૌથી લોકપ્રિય નેતા અને વૈશ્વિક લીડરની યાદીમાં નંબર વન છે. આ બધા વચ્ચે રક્ષા મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે પીએમ મોદી કેમ દુનિયાભરમાં સૌથી લોકપ્રિય છે. તેમણે કહ્યું કે સંસ્થાકીય કુશળતા, જનતા સાથે જોડાણ અને તેમની મુશ્કેલીઓની ઊંડાણપૂર્વક સમજના કારણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દુનિયાના સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે. વરિષ્ઠ પત્રકાર અજય સિંહ દ્વારા લખાયેલા પુસ્તક 'ધી આર્કિટેક્ટ ઓફ ધ બીજેપી' ના વિમોચન પ્રસંગે રાજનાથ સિંહે એમ પણ કહ્યું કે કેટલાક લોકો પીએમ નરેન્દ્ર મોદીનો તોડ શોધી રહ્યા છે પરંતુ તેમને તે મળતો નથી.

રાજનાથ સિંહે કહ્યું કે જનતા સાથે જોડાયેલા રહો, સફળથા તમારા ચરણ ચૂમશે, આ પ્રધાનમંત્રી મોદીનો મૂળ મંત્ર છે. તેમણે કહ્યું કે તેમના મુજબ મોદી પાસે જે સંસ્થાકીય કુશળતા છે , તે કોઈ દૈવી શક્તિ વગર શક્ય નથી. તેમણે કહ્યું કે જનતા સાથે જોડાણ, તેમની સાથે સંવાદ, દેશની નસ પર મજબૂત પક્કડ, જનતાની મુશ્કેલીઓની ઊંડાણપૂર્વક જાણકારીથી તેમની લોકપ્રિયતાએ દેશ જ નહીં પરંતુ દુનિયામાં પણ તમામ નેતાઓને પછાડ્યા છે. આજે તેઓ દુનિયાના સૌથી લોકપ્રિય નેતા બન્યા છે. અમેરિકી કંપની ધ મોર્નિંગ કંસલ્ટના એક સર્વેનો હવાલો આપતા રક્ષામંત્રીએ કહ્યું કે પીએમ મોદીએ લોકપ્રિયતામાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન અને બ્રિટિશ પ્રધાનમંત્રી સહિત દુનિયાના ૧૨ પ્રમુખ રાષ્ટ્રાધ્યક્ષોને પાછળ છોડ્યા છે. તેમણે કહ્યું કે મોદીનો જનતા સાથે એક ભાવનાત્મક સંબંધ બની ગયો છે. તેમના પ્રધાનમંત્રી બન્યા પહેલા દેશમાં કેટલાક રાજયોમાં એનડીએની સરકાર હતી આજે તેનો વિસ્તાર ૧૬ રાજ્યો સુધી થયો છે. હાલ સમગ્ર દશમાં ૧૩૦૦થી વધુ વિધાયક અને ૪૦૦થી વધુ ભાજપના સાંસદ છે.

રાજનાથ સિંહે કહ્યું કે કેટલાક લોકો મોદીનો વિકલ્પ શોધી રહ્યા છે પરંતુ તેમને કોઈ તોડ મળતો નથી. તેમણે રાજનીતિક વિશ્લેષકોનો હવાલો આપતા કહ્યું કે તેમનું માનવું છે કે ૨૦૨૯ બાદ જ તેમણે આ અંગે વિચારવું જોઈએ. તેમણે કહ્યું કે મોદીએ પાર્ટીનો વિસ્તાર ફક્ત ચૂંટણી જીતવા માટે નથી કર્યો, પરંતુ તે વિચારધારાના પ્રસાર અને દેશની સોચમાં બદલાવ માટે આમ કરે છે.

પીએમ મોદીને મળતી સતત ચૂંટણી જીતનો મંત્ર 'ફક્ત જીત માટે લડો' ને ગણાવતા રાજનાથ સિંહે કહ્યું કે બૂથ સ્તરે કાર્યકરોના 'સુક્ષ્મ મેનેજમેન્ટ' તેમની આ રણનીતિનો ભાગ હતો. તેમણે કહ્યું કે- સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ- સૌનો પ્રયાસ પ્રધાનમંત્રીનું આહ્વાન કોઈ જુમલો નથી, અસલમાં તેઓ આ મંત્ર સાથે આગળ વધી રહ્યા છે.

રાજનાથ સિંહે કહ્યું કે પીએમ મોદીના રણનીતિક કૌશલની વિકાસ યાત્રા કોઈ એક દિવસમાં નથી થઈ પરંતુ દેશમાં વર્ષો વર્ષ પ્રવાસ કરીને તેણે લોકોને જાણ્યા છે, દેશને સમજ્યો છે, સામાન્ય લોકોની તકલીફ જાણી છે અને તેમની સાથે સંવાદ કર્યો છે.

# ગણપતી ઉપાસનાનું આધ્યાત્મિક રહસ્ય

ભાદરવા સુદ ચોથ એ ગણેશ ચતુર્થી કહેવાય છે.મોરેશ્વર નામના ગણપતિના એક ભક્ત થઇ ગયા, તેમની ભક્તિના કારણે પ્રભુ સાથે તેમનું નામ જોડાઇ ગયું,તેથી આ દિવસોમાં ×ગણપતિ બાપા મોરીયા×ના અવાજોથી વાતાવરણ ગુંજી ઉઠે છે.ભારતીય સંસ્કૃતિના ઋષિઓએ ગણપતિને ખુબ જ મહત્વ આપ્યું છે. પ્રત્યેક શુભ કાર્યમાં તેમનું પ્રથમ પૂજન કરવામાં આવે છે.



પુરાણોમાં કથા આવે છે કેઃમાતા પાર્વતીજીને સ્નાન કરવાની ઈચ્છા થઇ,તેમને પોતાના શરીર ઉપરથી મેલ ઉતારીને તેનું પૂતળું બનાવ્યું અને તેમાં પ્રાણ પૂર્યો,તે જીવતું થયું.તે બાળકને બહાર પહેરો ભરવા ઉભો રાખ્યો અને જણાવ્યું કેઃ કોઇપણ વ્યક્તિ આવે તો અંદર આવવા દેવો નહી.હું સ્નાન કરવા બેસું છું.આમ કહી પાર્વતીજી સ્નાન કરવા બેઠાં.બરાબર તે જ સમયે કૈલાશ (કિલ આસ જેની પ્રસિધ્ધ સત્તા રહેલી હોય તે પરમાત્મા કિલાસ કહેવાય અને કિલાસને રહેવાની જગ્યાનું નામ કૈલાસ)માં શિવજીની સમાધિ (મહા પ્રલયકાળનું ઐકાંન્તિક સ્થાન) ખુલી, હાથમાં ત્રિશૂળ લઇને તેઓ પોતાના ઘેર તરફ ઉપડ્યા.ઘેર આવીને જુવે છે તો એક બાળક પહેરો ભરી રહ્યો હોય છે જે શિવજીને અંદર જવા દેતો નથી..અટકાવે છે.પોતાના ઘરમાં જ પોતાને પ્રવેશ કરતાં અટકાવનાર કોન..? શિવજીને ક્રોધ ચડ્યો અને ક્રોધના આવેશમાં તેમને ત્રિશૂળ માર્યું એવું પેલા બાળકનું મસ્તક કપાઇ ગયું.અંતરાય દૂર થતાં લોહીવાળું ત્રિશૂળ લઇને શિવજી અંદર ગયા.પાર્વતીજી પૂછે છે કેઃ તમે આ શું કરીને આવ્યા..? તો શિવજીએ કહ્યું કેઃ દ્વાર પર એક બાળક મને અંદર આવવા દેતો ન હતો તેથી મેં તેનો શિરચ્છેદ કરીને અંદર આવ્યો છું.આ સાંભળીને માતા પાર્વતીજીને ઘણો જ આઘાત લાગે છે.પાર્વતીજીને ખુશ કરવા ભગવાન શિવજી પોતાના પાર્ષદોને શિશ(મસ્તક) શોધી લાવવા મોકલે છે.સેવકો રસ્તામાંથી પસાર થતા એક હાથીના બચ્ચાનું મસ્તક કાપીને લઇ આવે છે.જેને કપાયેલા ધડ ઉપર ચોટાડી દેવામાં આવે છે તે ગણપતિ..! ત્યારબાદ ભગવાન સદાશિવ આર્શિવાદ આપે છે કેઃઆજથી કોઇપણ શુભ કાર્યમાં મારા તથા અન્ય તમામ દેવો પહેલાં તમારી પૂજા કરવામાં આવશે.ત્યારથી દરેક શુભ કાર્યોની શરૂઆતમાં ગણપતિજીની પ્રથમ પૂજા કરવામાં આવે છે.

આ કથામાં શંકા થાય કેઃમાતા પાર્વતીજી સ્નાન કરવા બેઠાં ત્યારે તેમના શરીર ઉપર એટલો બધી મેલ જમા થયો હશે કે જેનું એક પુતળૂં થઇ જાય..? ભગવાન સદાશિવ તો સર્વજ્ઞ છે તો તેમને ખબર પડી જવી જોઇએ કે આ મારો છોકરો છે..! તેમછતાં તેમને એક અજ્ઞાનીની જેમ ક્રોધના આવેશમાં કર્તવ્ય બજાવી રહેલા છોકરાનો શિરચ્છેદ કરી નાખ્યો..? જે શિવજી હાથીના કાપેલા મસ્તકને ચોટાડી શકે તે શું ગણપતિના કપાયેલા મસ્તકને ના ચોટાડી શકે..? બિચારા નિર્દોષ પ્રાણીની હત્યા કેમ કરાવી..? અને માણસના ધડ ઉપર ક્યારેય હાથીનું મસ્તક ફીટ થાય ખરૂં..?

આ બધી ઘટનાઓ વાસ્તવમાં બનેલી ઘટનાઓ નથી પરંતુ સંતો મહાપુરૂષો આ રૂપકના દ્વારા આપણને આધ્યાત્મિક જ્ઞાન પીરસે છે કેઃ પરાત્પર નિર્ગુણ નિરાકાર બ્રહ્મને જ્યારે સૃષ્ટિ રચવાનો સંકલ્પ થયો ત્યારે સૌ પ્રથમ મહતત્વની રચના કરી.આ મૂળ પ્રકૃતિ કે જેને આપણે શક્તિ કહીએ છીએ..પુરાણો તેને જ પાર્વતી કે સતી કહે છે.આ મૂળ પ્રકૃતિમાંથી પ્રથમ જે વિકૃતિ-વિકાર થયો તે મહતત્વ(બુધ્ધિ) તેમાંથી અહંકાર અને શબ્દ,સ્પર્શ,રૂપ,રસ અને ગંધ આ પાંચ તન્માત્રાઓ અને તેમાંથી પાંચ મહાભૂતો (પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશ) પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ કાન નાક જીભ અને ત્વચા) પાંચ કર્મેન્દ્રિયો (હાથ,પગ, મુખ,ગુદા અને ઉપસ્થ) અને મન. આમ,પ્રકૃતિ સાથે ચોવીસ તત્વો અને પચ્ચીસમો પુરૂષ છે.આ બધામાં સૌ પ્રથમ મહતત્વ(બુધ્ધિ)નું નિર્માણ કરે છે.આ બુધ્ધિ તે પેલો છોકરો. ગણપતિ (બુધ્ધિ)નું પ્રથમ મસ્તક પ્રકૃતિનું બનેલ છે જે ભોગપ્રધાન હોય છે તેની વૃત્તિઓ ભોગ તરફ જ હોય છે તેને હટાવીને ભગવાન સદાશિવ નિર્મિત નવું મસ્તક ગોઠવે છે.ગણપતિનું મસ્તક હાથીનું જ બતાવ્યું છે કારણ કેઃ હાથી એ તમામ પ્રાણીઓમાં સૌથી બુધ્ધિશાળી પ્રાણી છે.પ્રાકૃતિક બુધ્ધિ ઈન્દ્રિયોની દાસ હોય છે..ઈન્દ્રિયો જેમ નચાવે છે તેમજ નાચતી હોય છે.યોગવશિષ્ઠ રામાયણમાં બે મન બતાવવામાં આવ્યાં છેઃ એક જે વ્યવહાર કરી રહ્યું છે તે અને બીજું મન મૂર્છાવસ્થામાં પડ્યું છે તે.

ઝીણી આંખોઃઝીણી આંખો સૂક્ષ્મગ અવલોકન કરવાની ક્ષમતા તથા માનવીને જીવનમાં સૂક્ષ્મ દ્રષ્ટિ રાખવા પ્રેરણા આપે છે.પોતાની દ્રષ્ટિ સૂક્ષ્મ રાખી આપણને ખબર ના પડે તે રીતે આપણામાં ઘુસતા દોષોને અટકાવવા જોઇએ.

મોટું નાકઃમોટું નાક દૂર સુધીની સુગંધ-દુર્ગંધને ઓળખી શકવાની ક્ષમતા દર્શાવે છે.તત્વવેત્તા જ્ઞાનીમાં દૂરદર્શીપણું હોવું જોઇએ.પ્રત્યેક વાતની ગંધ તેમને પ્રથમથી જ આવી જવી જોઇએ.

મોટા કાનઃમોટા કાન બહુશ્રુત..ઘણું બધુ સાંભળીને જેને જ્ઞાનનિધિ વધારી છે તેમછતાં વધુ સાંભળવા તૈયાર રહે છે તેનું સૂચક છે.તેમના કાન સૂપડા જેવા છે.સૂપડાનો ગુણ છેઃ સારને ગ્રહણ કરી લેવો અને ફોતરાને ફેંકી દેવા.

બે દાંતઃગણપતિને બે દાંત છે. એક આખો અને બીજો અડધો.આખો દાંત શ્રધ્ધાનો છે અને તૂટેલો દાંત બુધ્ધિનો છે.જીવન વિકાસના માટે આત્મશ્રધ્ધા અને ઈશશ્રધ્ધા પૂર્ણ હોવી જોઇએ.બુધ્ધિ કદાચ ઓછી હશે તો ચાલશે પરંતુ પ્રભુ પરમાત્મા ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ.પ્રભુ પરમાત્માએ માનવને બે ખુબ અમૂલ્ય ભેટ આપી છેઃશ્રધ્ધા અને બુધ્ધિ..આ બંન્નેનો સમન્વય હોય તો જ જીવન વિકાસ થાય છે.માનવીની બુધ્ધિ સિમિત હોવાથી આખરે તેને શ્રધ્ધાનો સહારો લેવો પડે છે.ખંડિત દાંત એ બુધ્ધિની મર્યાદાનું પ્રતિક છે અને પૂર્ણ દાંત એ અખૂટ શ્રધ્ધાનું પ્રતિક છે.

ચાર હાથઃ ગણપતિને ચાર હાથ છે.તેમાં અનુક્રમે અંકુશ..પાશ..મોદક અને આર્શિવાદ આપતો હાથ છે. અંકુશ- એ વાસના વિકારો ઉપર સંયમ જરૂરી છે તેમ બતાવે છે.પાશ- એ જરૂર પડ્યે ઈન્દ્રિયોને શિક્ષા કરવાનું સામર્થ્ય પણ તત્વવેત્તાઓમાં હોવું જોઇએ તેમ દર્શાવે છે.

મોદકઃજે મોદ(આનંદ) કરાવે તે.મહાપુરૂષોનો આહાર આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય તેવો સાત્વિક હોવો જોઇએ તેમ દર્શાવે છે.એક હાથમાં મોદક રાખીને પોતાના લાડલા દિકરાઓ(ભક્તો)ને ખવડાવવા માટે બોલાવી રહ્યા છે.

વિશાળ પેટઃબધી વાતો પચાવવાની ક્ષમતા દર્શાવે છે.સમુદ્રમાં જેમ બધું સમાઇ જાય છે તેમ મહાપુરૂષોના પેટમાં બધી વાતો સમાઇ જાય છે.બધાની સાંભળેલી વાતો પોતાના વિશાળ પેટમાં સમાવી દેવી એનું સૂચન કરે છે.

પગઃતેમના પગ નાના છે.નાના પગ ×ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર× એ કહેવતનો સાર સમજાવી રહ્યા છે.નાના ટૂંકા પગ એ બુધ્ધિમત્તાનું લક્ષણ છે એટલે કે તે પોતે જ દોડ્યા કરતા નથી પરંતુ બુધ્ધિથી બીજાને દોડાવે છે.

વાહન ઉંદરઃતેમનું વાહન ઉંદર છે.મહાપુરૂષોનાં સાધનો નાના અને સ્વભાવ નમ્ર હોવો જોઇએ કે જેથી કરીને તે તમામના ઘરમાં પ્રવેશ પામી શકે.બીજી એક વ્યવહારીક નીતિ પણ ઉંદર પાસેથી શીખવા જેવી છે કે જ્યારે તે કરડે છે ત્યારે ફુંક મારીને કરડે છે તેથી કોઇને ખબર પણ પડતી નથી.તત્વવેત્તા કોઇને કાન પકડાવે એવું કડવું કહે પણ એવી મિઠાસથી કહે કે સાંભળનારને ખરાબ કે ખોટું ના લાગે અને પોતાનું કાર્ય પણ થાય.બીજું ઉંદર એ ચૌર્યવૃત્તિનું પ્રતિક છે,જે સારૂં હોય તે ચોરી લેવું,તેનો ઉપભોગ કરી લેવો.

દરેક કાર્યની સિધ્ધિ માટે ગણપતિનું સર્વપ્રથમ પૂજન કરવામાં આવે છે.તત્વવેત્તાઓ અને શ્રેષ્ઠ મહાપુરૂષો સમાજના ગણપતિઓ છે.કોઇપણ કાર્યની સિધ્ધિના માટે સર્વપ્રથમ શ્રેષ્ઠ પુરૂષોનું પૂજન કરવાથી,તેમને બોલાવવાથી,તેમનો સત્કાર કરવાથી તેમનું માર્ગદર્શન સતત મળતું રહે છે અને કાર્ય સિધ્ધ થાય છે.આધ્યાત્મિક દ્દષ્ટિએ જોઇએ તો આપણી ઈન્દ્રિયોનો એક ગણ(સમુહ) છે.આ ગણનો પતિ મન છે. કોઇપણ કાર્યને સિધ્ધ કરવું હોય તો આપણો આ ગણપતિ(મન) ઠેકાણે હોવો જોઇએ એટલે મનને કાર્યના પ્રારંભ પહેલાં શાંત અને સ્થિર કરવું જોઇએ,જેથી કોઇ વિઘ્નો ઉભા થાય જ નહી અને કાર્ય સરળ રીતે પાર પાડી શકાય.

ગણેશ ચતુર્થીના દિવસે જે ગણપતિને લાવીને સ્થાપના કર્યા પછી દશ દિવસ સુધી તેમનું પૂજન અર્ચન કર્યા બાદ તે ગણપતિનું અનંત ચતુદર્શીના દિવસે જળમાં કેમ વિસર્જન કરવામાં આવે છે? જે શાંત છે તેને અનંતમાં..સાકારને નિરાકારમાં અને સગુણને નિર્ગુણમાં વિલિન કરીએ છીએ.સાકાર ભગવાન મૂર્તિમાં છે તો નિરાકાર પરમાત્મા સર્વવ્યાપક છે.જીવનમાં પણ વ્યક્તિ પૂજાથી શરૂઆત કરી તત્વપૂજામાં તે આરંભનું પર્યવસન કરીએ છીએ.અંતિમ પ્રમાણ આપણે તત્વને જ માન્યું છે.ટૂંકમાં ગણપતિનું વિસર્જન એટલે વિરાટની પૂજાનો આરંભ.બધા પરમાત્માના જ છે તેથી મારા ભાઇઓ છે.આપણું સૌનું દૈવી સગપણ છે એટલું સમજવાનું છે.સાર્વજનિક ગણેશ ઉત્સતવ એકતા અને સંગઠનની ભાવનાનું પ્રતિક છે.નિજ મંદિરમાં બેઠેલા ભગવાન પોતાની પાસે આવનારને કહે છે કે તારે જો મારી પ્રાપ્તિ કરવી હોય તો પ્રથમ તારી પ્રાકૃતિક બુધ્ધિનો વિચ્છેદ કરીને તેની જગ્યાએ શુધ્ધ શૈવ-બુધ્ધિની સ્થાપના કર.વાસના નહી પરંતુ આ શુધ્ધ બુધ્ધિ જ શિવ(પરમાત્મા)ને પમાડે છે તે બતાવવા શિવાલયમાં પણ ગણપતિની પ્રતિમા મુકવામાં આવે છે.શિવ એટલે કલ્યાણ.શિવ પોતે અજન્મા નિર્ગુણ નિરાકાર અવ્યક્ત બ્રહ્મ છે.

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી, તા.શહેરા, જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## ગણેશજીનાં વિવિધ પ્રતિકો

# ઇકો ફ્રેન્ડલી ગણેશજીનું મહત્વ

સામાન્ય રીતે હાથી જંગલમાં રસ્તો બનાવનાર પ્રાણી કહેવામાં છે. હાથી જ્યારે જંગલમાંથી પસાર થાય છે ત્યારે તે પોતાના મહાકાય શરીરથી અન્ય પ્રાણી માટે રસ્તો બનાવે છે. તેવી જ રીતે ગણેશ ભગવાન કોઈ પણ શુભ કાર્યની પહેલા પૂજવવામાં આવે છે, કારણ કે ગણપતિ કોઈપણ કાર્યમાં આવતા અડચણને દૂર કરીને જીવનમાં આગળ વધવાનો રસ્તો બતાવે છે અને તે માટે આશીર્વાદ આપે છે. ભગવાન ગણેશનું મોટું મસ્તક એ બુદ્ધિ અને શાણપણનું પ્રતિક છે.તે દર્શાવે છે કે,જીવનમાં કોઈપણ પરિસ્થિતિ હોય, તેમાં બુદ્ધિ અને શાણપણ દ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરવી જોઈએ.ભગવાન ગણેશનું વિશાળ મો દરેક વ્યક્તિની જીવન જીવવાની અને પોતાની દરેક ઈચ્છાઓ પૂરી કરવાની ભાવના દર્શાવે છે.ભગવાન ગણેશ એ વિશ્વના તમામ ભક્તોની પ્રાર્થના સાંભળવા માટે મોટા કાન ધરાવે છે. તેમના મોટા કાન, દરેક વ્યક્તિ ત્યારે જ સંપૂર્ણ ગણાય જયારે તેની સાંભળવાની શક્તિ બોલવાની શક્તિ કરતાં વધુ હોય,તેવું દર્શાવે છે.ભગવાન ગણેશની સૂંઢ દુનિયામાં રહેલી દરેક વસ્તુને પોતાના અંદર સમાવી શકે છે. તેવી જ રીતે, માનવી એ કોઈપણ પરિસ્થિતિના બદલાવ સાથે સમાયોજિત થઈ જવું જોઈએ તેવું દર્શાવે છે. ભગવાન ગણપતિના બંને દાંત કોઈ પણ વ્યક્તિની વ્યક્તિત્વના બે પાસાઓ દર્શાવે છે : વ્યક્તિત્વ અને ભાવનાઓ.જમણી બાજુનો દાંત શાણપણ જ્યારે ડાબી બાજુનો દાંત વ્યક્તિની ભાવનાઓ દર્શાવે છે. ગણેશજીના ડાબી બાજુનો તૂટેલો દાંત એવું દર્શાવે છે કે વ્યક્તિએ કોઈ પણ પરિસ્થિતિમાં પોતાની ભાવનાઓને પોતાના પર હાવી ન થવા દેવી જોઈએ.ભાવનાઓ પર કાબૂ રાખીને પરિસ્થિતિનો સામનો કરવો



જોઈએ.ભગવાન ગણેશની આંખો કોઈ પણ વસ્તુ હોય તેના કરતાં વધુ મોટી જોઈ શકવાનું મનાઈ છે. જે દર્શાવે છે કે માનવી એ હમેશા માનવું જોઈએ કે પોતે સર્વસ્વ નથી. ભગવાન ગણેશના ચાર હાથ માનવના ચાર મહત્વના આંતરિક ગુણો દર્શાવે છે,મન,બુદ્ધિ,અહંકાર અને ચિત. ભગવાન ગણેશ શુદ્ધ આત્માનું પ્રતિનિધિત્વ કરે છે જે, આપણાંમાં આ ચાર તત્વોને કાર્યરત કરે છે.સામાન્ય રીતે ભગવાન ગણપતિ એ લાલ અથવા પીળા રંગના કપડાં પહેરેલા હોય છે.પીળો રંગ શાંતિ,સત્યતા,પવિત્રાતા અને સંપતિનું પ્રતિક ગણવામાં આવે છે જ્યારે લાલ રંગ દુનિયામાં થતાં કોઈપણ શુભ કાર્યને દર્શાવે છે. આમ, કોઈપણ વ્યક્તિએ કોઈપણ શુભ કાર્ય કરવા સમયે પીળા અથવા લાલ રંગના કપડાં પહેરવા જોઈએ.ભગવાન ગણેશનું મોટું પેટ સમગ્ર બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ કરે છે.ભગવાન જે ધૈર્યનું પ્રતિક છે. તેમાં સાત સમુદ્ર સમયેલા હોવાનું કેહવામાં આવે છે. જે દર્શાવે છે કે માનવીએ પોતાના સમગ્ર જીવનમાં દરેક સારા ખરાબ અનુભવોને ધૈર્ય દ્વારા સામનો કરવો જોઈએ.ભગવાન ગણપતિનું વાહન ઉંદર છે. જે વ્યક્તિના અભિમાનને નિયંત્રણમાં રાખવાનું સૂચવે છે. જેમ ઉંદરને ભગવાન નિયંત્રિત કરે છે,તેમ માનવીએ પોતાના મનને નિયંત્રિત કરવું જોઈએ.ભગવાન ગણેશના પગ પાસે રહેલો ઉંદર જે માથું ઊંચકીને હાથમાં મોદક લઈને બેસેલો દર્શાવવામાં આવે છે તે માનવીના મન અને તેની ઈચ્છાઓને નિયંત્રણમાં રાખવાનું સૂચવે છે. ભગવાન ગણપતિનો જમણો પગ જે ડાબા પગની ઉપર રહેલો હોય છે તે દર્શાવે છે કે માનવીએ સફળતાપૂર્વકનું જીવન જીવવા માટે પોતાની આવડત અને જ્ઞાનનો ભરપૂર ઉપયોગ કરવો જોઈએ અને પોતાની ભાવનાઓ પર કાબૂ રાખવો જોઈએ.

ઈકો ફ્રેન્ડલી ગણેશજીનું મહત્વ :

* દ્વારા બનાવમાં આવેલી મૂર્તિઓ પર્યાવરણને ખૂબ જ નુકશાન કરે છે. આ મૂર્તિની સજાવટ માટે કૃત્રિમ રંગોનો ઉપયોગ કરવામાં આવે છે , મૂર્તિનું વિસર્જન કરવાથી નદીઓના પાણીમાં કૃત્રિમ રંગો અને

* ભળે છે. જે પર્યાવરણ માટે નુકશાન કર્તા છે. આ મૂર્તિઓનો શ્રેષ્ઠ વિકલ્પ ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ કે જે માટીની અથવા ગોબરની બનેલી હોય છે. આ મૂર્તિઓ પ્રાકૃતિક માટી અને રંગોની બનેલી હોવાથી વિસર્જન સમયે પણ પર્યાવરણને નુકશાન કરતી નથી. ઈકો-ફ્રેન્ડલી ગણેશની મૂર્તિઓ ધરાવવાની સૌથી સારી બાબત એ છે કે તમે તેને જાતે બનાવી શકો છો. આ પ્રવૃત્તિ પરિવાર સાથે સમય વિતાવવાનો ઉત્તમ માર્ગ બની શકે છે અને વ્યક્તિને તેની સર્જનાત્મકતા બતાડવાની તક આપે છે. પોતાની ઈકો-ફ્રેન્ડલી ગણેશની મૂર્તિ બનાવવા માટે , પંચગવ્ય , કાગળની માટી, આટા અને હળદર જેવી વિવિધ પ્રાકૃતિક સામગ્રીમાંથી બનાવી શકો છો.

-મિતલ ખેતાણી

(૯૮૨૪૨૨૧૯૯૯)

## શ્રદ્ધા સાથે પ્રકૃતિના સંરક્ષણની કાળજી, ઇકો-ફ્રેન્ડલી ગણેશોત્સવ

# માટીર માનુષ (માટીના માનવી)ના રક્ષણ કાજે માટીના ગણપતિ....

અમદાવાદ શહેરમાં ત્રણ પેઢીથી માટીના ઈકોફ્રેન્ડલી ગણપતિ બનાવીને ગણેશોત્સવ સાથે પ્રકૃતિના જતન અને આરોગ્યપ્રદ જીવનમાં માં અમૂલ્ય યોગદાન આપે છે

પર્યાવરણ અને આરોગ્ય બંનેને ઉત્તમ રાખવા ઈકો ફ્રેન્ડલી (માટીના) ગણપતિનું સ્થાપન જ શ્રેષ્ઠ વિકલ્પ છે.

કોરોનાકાળમાં આપણે સ્વાસ્થય અને પ્રકૃતિ બંનેનું મહત્વ સમજ્યા છીએ ત્યારે પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરવું પણ એટલું જ મહત્વનું છે. ત્યારે જ આપણને શ્રેષ્ઠત્તમ વાતાવરમાં ઓક્સિજન , શુધ્ધ પાણી અને હવા મળી રહે અને જેના થકી આરોગ્યપ્રદ જીવન જીવી શકાય.


શ્રાવણ માસની પૂર્ણાહૂતિ બાદ શ્રદ્ધાળુઓ વિધ્નહર્તાને આવકારવા થનગની રહ્યા છે. રાજ્યભરમાં ગણેશોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ઈકો ફ્રેન્ડલી પ્રતિમાનું સ્થાપન પર્યાવરણ અને આરોગ્યને શ્રેષ્ઠ અને ઉત્તમ રાખવા અનિવાર્ય છે. ૩૧મી ઓગસ્ટે રાજ્યભરમાં ગણેશ ચતૂર્થીએ ઠેર-ઠેર વિધ્નહર્તાની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં મહારાષ્ટ્ર કુડાલ ગામના અને ત્રણ પેઢીથી અમદાવાદમાં સ્થાયી થયેલા વિજયભાઇ નાઇકની ત્રીજી પેઢી માટીના એટલે કે ઈકો-ફ્રેન્ડલી ગણેશની મૂર્તિઓનું સર્જન કરી રહી છે.

તેમના દાદાએ ૮૪ વર્ષ પહેલા ઈકો-ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવવાની શરૂઆત કરી હતી જેને તેમણા પ્રપૌત્ર વિજયભાઇ આગળ ધપાવી રહ્યા છે.

તેઓ જણાવે છે કે પી.ઓ.પી.ની સરખામણીમાં ઈકો-ફ્રેન્ડલી માટીના ગણેશજીની મૂર્તિ



બનાવવામાં મહેનત-મજૂરી વધારે છે, લેબર કોસ્ટ વધારે આવે છે, છતાં પણ પ્રકૃતિના સંવર્ધનને કેન્દ્ર સ્થાને રાખીને અમે ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિનું નિર્માણ કરીએ છીએ.

દરિયાકાંઠે રહેલી ખાણના ૧૦૦-૧૫૦ ફૂટ ઉંડાણ માંથી નીકળતી માટી જેને ફાયર ક્લે તરીકે ઓળખવામાં આવે છે. જે માટીને ગ્રાઇન્ડીંગ કરીને મૂર્તિ નિર્માણમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

રોટલી બનાવવાનો લોટ જેવો જ પાવડર બનાવીને તેને પાણીમાં મિશ્ર કરવામાં આવે છે. ત્યારબાદ તેનો ઉપયોગ ગણપતિની મૂર્તિ બનાવવામાં થાય છે.

માટીની ૨ ફૂટનો મૂર્તિને બનાવવામાં અંદાજિત ત્રણ દિવસ જેટલો સમય લાગે છે, પરંતુ અમારા તમામ કારીગરો સંપૂર્ણપણે શ્રદ્ધા અને આસ્થા સાથે ઉત્તમ સ્વાસ્થ્ય અને પ્રકૃતિના જતન માટે સંકલ્પ બધ્ધ થઇને ઈકો-ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિનું નિર્માણ કરે છે. અમારા ત્યાના બનાવટની મૂર્તિઓ જાફરાબાદ, અંબાજી. મહેસાણા, રાજકોટ, ઉના જેવાં શહેરોમાં મોકલવમાં આવે છે.

ક્લે મોડલિંગ મૂર્તિમાં હાથ અને ડોકની મજબૂતીમાં નારિયેળના રેસાનો ઉપયોગ થાય છે. જેનાથી મૂર્તિને મજબૂતી મળે છે.

ઈકો-ફ્રેન્ડલી મૂર્તિના ફાયદા

પી.ઓ.પી.ની મૂર્તિઓની સરખામણીમાં માટીની મૂર્તિઓ પર્યાવરણને નુકસાનથી બચાવે છે.

ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ પાણીમાં ઝડપથી ઓગળી જાય છે.

ઈકો ફ્રેન્ડલી ગણપતિને સુંદર બનાવવા માટે કાચા અને કુદરતી રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં પાણીના દૂષિત થવાનો અને અન્ય કોઇપણ પ્રકારની બીમારી ફેલાવવાનો ભય ઓછો રહે છે.

પીઓપી અને પ્લાસ્ટિકની મૂર્તિઓમાં હાનિકારક કેમિકલથી બનેલા રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. આ રંગો સ્વાસ્થ્ય માટે જ નહીં પરંતુ પર્યાવરણ માટે પણ હાનિકારક છે.

જયારે પી.ઓ.પી.માંથી બનાવેલી મૂર્તિનું વિસર્જન કરવાથી પાણીની ગુણવત્તા બગડે છે.

મૂર્તિઓના રાસાયણિક રંગોથી પાકને પણ ઘણી અસર થાય છે. દૂષિત પાણીથી ઉગાડવામાં આવતા શાકભાજીની સાથે સાથે હાનિકારક તત્વો પણ ઘર ઘર સુધી પહોંચે છે.

આ ગણેશોત્સવે પર્યાવરણનું જતન કરવા ઈકો-ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરવા સંકલ્પબદ્ધ બનીએ.

-અમિતસિંહ ચૌહાણ

## મને શોધો


મને શોધો નહીં મંદિરમાં ,
મને શોધો નહીં દેરાસરમાં ,
મને શોધો નહીં ગિરજાઘરમાં,
મને શોધો નહીં ઈબાદતઘરમાં.
મને શોધો નહીં નિર્જીવ પથ્થરની બુતમાં,
મને શોધો નહીં માનવીય છૂતાછુતમાં,
મને શોધો નહીં મોહરમના તાબુતમાં,
મને શોધો નહીં સમશાનની ભભૂતમાં.
મને શોધો ખુદના ભીતર મુલ્કમાં,
મને શોધો શિશુના બચત ગુલકમાં.
મને શોધો કોઈ શબરીની ઝૂગ્ગીમાં,
મને શોધો કોઈ કોઈના સ્વપ્ન મુલ્કમાં.
મને શોધો કોઈ સુવર્ણ કસ્તૂરી મૃગમાં ,
મને શોધો કોઈ કવિતાના પુસ્તકમાં ,
મને શોધો કોઈ મદમસ્ત સુંગધી અત્તરમાં.
ભરત વૈષ્ણવ
૨૯.૮.૨૦૨૧.ઈ કવિતા
***********************************

## બર્થ ડે કેક છરીના બદલે તલવારથી કાપવાની ફેશન શરૂ થઇ!!!

જન્મ દિવસ . પૃથ્વી પર એક જીવનું અવતરણ થાય તેનો દિવસ. કોઈનો જન્મ થાય એટલે ઉપસ્થિત સૌને આનંદ થાય. જન્મદિવસને સ્મિત કે હાસ્યથી વધાવી લે. અલબત, પુત્રીના જન્મથી કેટલાકની ખુશી ફિક્કી પડી જાય છે. કતડજડ ડોશીઓ ફલાણીના પેટે પથરો પાક્યો જેવી જેન્ડર બાયસ્ડ કોમેન્ટ કરે છે. જો કે , ભવિષ્યમાં એ પથરો કોહીનૂર પુરવાર થાય છે.!! જન્મ લેનાર બાળક જન્મ થયાના પા કલાક કે અડધા કલાકમાં રોવે તે બાળકના આરોગ્યની દ્રષ્ટિએ જરૂરી છે. અન્યથા બાળકમાં સુરતી લોચા જેવું કોમ્પલિકેશન સર્જાય છે!! પૃથ્વી પર કંઇ તારીખે પ્રાગટય કે આવિર્ભાવ થયો તેની વિગતોના આધારે જન્મ પ્રમાણપત્ર તૈયાર કરવામાં આવે છે.વરસો પહેલાં કેટલાક લોકો જનમની ચોક્કસ વિગતો ન જાણતા હોય તો છપ્પનિયા કાળમાં હું બે વરસનો હતો તેમ કહે છે અથવા મકર સંક્રાંતિએ મારો જન્મ થયેલો!!! ગાંધીજીની હત્યા થયેલી પછી મહીને મારો જન્મ થયેલો.જન્મદિવસ દર વરસે આવે છે. જન્મદિવસને લીધે જીદગીનું એક વરસ ઘટે છે. એક વરસ તમે મોટા થઇ જાવ છો!! આપણે આ દુનિયામાં આપણે જન્મ લીધો તેમાં શી મોથ મારી એ મને કોઇ પ્રામાણિક્તાથી કહેશો!! આપણે કયા દેશના કયા રાજ્યના કયા નગરના કયા વિસ્તારમાં કોને ત્યાં , કેટલા વાગ્યે કયા ચોઘડિયા , કયા નક્ષત્રમાં દિવસે કે રાત્રે જન્મ લેવાનો છે તે આપણા હાથની વાત નથી!!જન્મગિવસની ઉજવણી કરવા માટે વિદ્વાનોમાં મતમતાંતર છે. આધેડ લોકો કહે છે કે જન્મદિવસનો શું ઉજવણો કરવાનો?તમારા જીવનમાં એક વરસ ઓછું થયું તેની ઉજવણી કરવાને બદલે શોક મનાવવો જોઇએ, છાજિયા લેવાના હોય, મરશિયા ગાવાના હોય! કેક બેક શાના કાપવાના હોય? યંગસ્ટર મોજીલા હોય છે. આઠે પ્રગટ લેરની લેરખી લેનારા હોય છે. હર ફિક્ર કો ધુએંમે ઉડાતા ચલા ગયાનો હકારાત્મક અભિગમ ધરાવતા હોય છે. આ અડધો ગ્લાસ ભરેલો અગર ખાલીનો અભિગમ જેવું છે!! જનમદિવસની ઉજવણીમાં સવારે પાણીમાં દૂધ નાંખી નાહવા, નવા કપડાં પહેરવા, દેવ મંદિરે જઇ ભગવાનના દર્શન કરવા, વડીલોનો ચરણસ્પર્શ કરી વડીલોના આશીર્વાદ મેળવવા, લાડું ,દૂધપાક ભજિયાનું ભારે ભોજન એટલે બડા ખાના ખાવા, સાંજના સમયે દોસ્તદારોને મળવું એટલે ઉજવણીની ઈતિ શ્રી!!જન્મદિવસની આ પરંપરાગત અને રૂઢિ મુજબની ઉજવણી છે!! એમાત્ર કેર કાપવાનું પાછળથી ઉમેરાયું છે.જન્મદિવસની ઉજવણી બધા અલગ અલગ રીતે કરતા હોય છે. કેટલાક લોકો હોટલમાં તો ઘણા લોકો જરૂરિયાતમંદ વ્યક્તિને અનાજ આપીને કે પછી જમાડીને ઉજવણી કરે છે. જ્યારે અમદાવાદમાં તો કરફ્યુમાં પણ જાહેર સ્થળે તલવારથી કેક કાપીને ઉજવણી કરવામાં આવી હોવાના ચકચારભર્યા કિસ્સાઓ નોંધાયા છે. ત્યારે પૂર્વ ધારાસભ્ય પોતાના મતવિસ્તારના સમર્થકો અને નાગરિકોને બે લાખનો અકસ્માત વીમો અપાવીને સુરક્ષિત કરવાનો નિર્ણય કર્યો છે. તેના માટે તેમણે એક ફોર્મ આજે લોન્ચ કર્યું હતું. એક મહિનાની અંદર લોકોને વીમો અપાવવાની આજે તેમના જન્મદિવસ નિમિત્તે રાખવામાં આવેલ ખાસ કાર્યક્રમમાં જાહેરાત કરેલી.જન્મદિવસની ઉજવણીની બીજી પધ્ધતિમાં લોકો હોટલ કે રેસ્ટોરેન્ટમાં મિત્રો-ગર્લ ફ્રેંડ સાથે ડીનર કરવા જાય છે.હવે જન્મદિવસની ઉજવણીમાં નવો ટ્રેંન્ડ શરૂ થયો છે. બર્થ ડે બોય ક્ષત્રિય હોય કે ન હોય કેક કાપવા માટે પ્લાસ્ટિક નાઇફ કે મેટલ નાઇફ વાપરતા નથી પણ તલવારથી કેક કાપે છે. યેહ હુઇના બાત!!કુછ તુફાની કરતે હૈ!! મોડી રાત્રે મિત્રો બાર વાગ્યે જન્મદિવસની ઉજવણી કરવા ભેગા થાય છે.,પાર્ટી કરે છે. બર્થ ડે બોયના મો પર કેક ચોપડે છે! મિત્રો બર્થ ડે બોયને પણ ફટકારે છે!!દારૂ અને જન્મદિવસને શું સંબંધ હશે તે ખુદા જાણે?પણ શરાબપાન જન્મદિવસની ઉજવણીનો ભાગ બની ગયેલ છે.શરાબ વિના જન્મદિવસની ઉજવણી માનો કે ફિક્કી પડી જાય છે. જન્મદિવસે ગિફટ દેવાનો પણ રિવાજ છે. નીતા અંબાણીના જન્મદિવસે મુકેશ અંબાણીએ નીતીબેનને યાટ ભેટ આપી હતી!! નીતાબેન કયાં એકલપંડે હલેસા મારીને યાટ ચલાવી શકવાના હતા??!! હમણા ઓસ્ટ્રેલિસામા શતાબ્દી પૂરી કરનાર માનુનીની અનોખી ઈચ્છા પૂરી થઇ!! દરેક વ્યક્તિ માટે જન્મ દિન એક આનંદનો અવસર હોય છે. તેમાંએ કોઇ પોતાનો ૧૦૦મો જન્મ દિન ઉજવે ત્યારે તો તેમને અને કુટુંબીજનોને કેટલો આનંદ થતો હોય તે કહેવાની જરૂર જ નથી. પરંતુ ઓસ્ટ્રેલિયાના વિકટોરિયા રાજ્યમાં રહેલા એક મહિલાની ઈચ્છા હતી કે તેમના ૧૦૦મા જન્મદિને જ તેઓની ધરપકડ થાય, તેઓને હાથકડી પણ પડી જાય. કારણ કે તેમના ૧૦૦ વર્ષનાં જીવનમાં કોઇ દિવસ તેમને હાથકડીનો અનુભવ થયો ન હતો.આથી પોલીસ સાથે ગોઠવણ કરવામાં આવી. પોલીસને પણ રમૂજ થઈ છતાં તે માજીની ઈચ્છા પૂરી કરવા પોલીસ સહમત પણ થઈ તે વધુ આશ્ચર્યજનક છે. ઓસ્ટ્રેલિયાના દક્ષિણના રાજ્ય વિકટોરિયા સ્થિત ગાર્ડન્સ રેસિડેન્શ્યલ વિભાગમાં રહેતાં. આ મહિલા જ્યારે પોતાના સગા સંબંધીઓ સાથે પોતાની બર્થ-ડે પાર્ટી ઉજવી રહ્યાં હતાં ત્યારે જ એક યુવાન કોન્સ્ટેબલે તે માજીને ધીરે ધીરે હાથકડી પહેરાવી. પછી તે સમયનો ફોટો પણ લીધો. તે પછી તે કોન્સ્ટેબલે જ હાથકડી છોડી નાખી. આ પછી કુટુંબીજનો અને અન્ય સગા વહાલાઓએ હેપ્પી બર્થ ડે ટુ યુ જીન બીટકેન કહી તાળીઓના ગડગડાટ સાથે કેક કાપી, પછી ભોજન સમારંભ શરૂ કર્યો. પોલીસ વિભાગે સોશિયલ મીડિયામાં દાદીમાની ધરપકડની પોસ્ટ મૂકી હતી અને લખ્યું હતું કે અમને બહુ જ આનંદ થઈ રહ્યો છે કે અમે તમારી ધરપકડ કરી. પોલીસ અધિકારીઓએ કહ્યું હતું કે દાદીમાની ઈચ્છા પૂરી થઈ એનો પોલીસ વિભાગને આનંદ છે.

ભરત વૈષ્ણવ, ૩૦.૮.૨૦૨૨.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




સાહિત્ય સરિતા
NOG SS No: 0013
વિષય: સંયોગ વિયોગ
પ્રકાર: ગદ્ય
શીર્ષક:
સંયોગ અને વિયોગ
જીવનના બે પાસા છે
જેવી રીતે
દિવસ રાત,
સુખ દુઃખ
પૂનમ અમાસ.
પણ આ બધા ક્યારે આવે છે અને ક્યારે જતા રહે છે
એની ખબર પડતી નથી.
મારા એક મિત્રને અને
એમના ધર્મપત્ની બંનેને
કોરોના થયો અને બંને ને
ત્રણ દિવસના અંતરે
હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.
એમની બે દીકરીઓ ને
ખબર આપવામાં આવી એટલે બંને દીકરીઓ યુએસએ થી અહિયાં પપ્પા મમ્મીનું ધ્યાન રાખવા આવી ગઈ.
સંજોગ કહો કે સંયોગ કહો
જેવા એ આવ્યા કે એમને
સમાચાર મળ્યા,તમારા
પપ્પા મમ્મીને નેગેટીવ કોરોના છે તો આવી ને
બિલ ભરીને એમને લઇ જાઓ.
બંને આ સંયોગના સંગમથી
ખુશ થઈ ગયા અને એમને
લેવા તરત જ હોસ્પિટલ
પહોંચી ગયા.
એક દીકરી મમ્મી પાસે ગઈ
અને બીજી દીકરી એના પપ્પા પાસે. પછી બંને
દીકરી ઓ બિલ ભરવા
કાઉન્ટર પર ગયા.
મમ્મીનું બિલ પહેલા ભરાઈ
ગયું એટલે મોટી દીકરી
મમ્મી પાસે જઈને દવાનું
બધું ડોક્ટર પાસે સમજીને
બહાર પોતાની ગાડીમાં મમ્મીને બેસાડીને પપ્પા અને બહેનની રાહ જોવા લાગી.
અહિયાં બીજી દીકરીને થોડી વાર થઈ પણ એ પણ
બિલ ભરી ને વોર્ડમાં પપ્પાના ખાટલા પાસે જતી
હતી તો ત્યાં એણે બે ડોક્ટર
અને ત્રણ નર્સને જોઈ.
ડોક્ટર એના પપ્પાને છાતી
પર્ મસાજ કરતાતા. એણે
પૂછ્યું અચાનક શું થયું મારા
પપ્પાને ?
ડોક્ટરે કહ્યુ He has seviour attack and he is no more.
દીકરી બિચારી દોડતી દોડતી એને મોટી બેન પાસે
ગઈ અને એણે એને બધું
કહ્યું. બંને દીકરીઓ ત્યાં જ
ફસકાઈ પડી અને બંને
ખુબ મોટેથી રડવા લાગી
અને અચાનક આવી પડેલા
આ ખબરથી અને પપ્પાના
વિયોગથી બંને બિચારી
ભાંગી પડી. માંડ માંડ એકબીજાને સહારો આપી
મમ્મી પાસે આવી અને
ખબર આપ્યા તો મમ્મી
કોમા માં સરી ગઈ.
થોડા વખત પછી મને ખબર પડી કે બંને જણા
મમ્મીની સારવાર કરવા
એને યુએસએ લઈ ગયા છે.
આ એક સાચી બીના
સંયોગ અને વિયોગની
મુંબઈમાં બનેલી ઘટના છે.
ઘનશ્યામ વ્યાસ
'શ્યામ'
********************************

NOG.SS No .0032
વિષય:-સંયોગ વિયોગ
વિભાગ :- પદ્ય
શીર્ષક:- 'વિરહ'
નથી જોયો આજ સૂરજ ને અસ્ત થતો,
કે નથી જોઈ એ વિરહમાં રંગાયેલી સંધ્યાને.
આજ એકલતામાં છુપાયેલી હું અને એની યાદો,
એકાંતને વહાલું કરી આજ મનને મનાવ્યું.
બસ યાદોને મારામાં કંડારી એકલી બેઠી.
વાતો કરતી કરતી રાતની રાહ જોતી બેઠી.
છેટું પડી ગયું ઘણું જાણે સાતસમંદર પાર,
બધુ સમેટીને જાણે નિશ્ચિત એ મને છોડી ગયો.
લાગણી અને માયાનાં બંધન ક્યાં ગયા આજ,
મનમાં દબાવી વિરહનો મારી સામે ઊભો ઢગલો. બેસી ગઈ એ ઢગલાબંધ વિરહની ઘડીઓમાં,
આંખનાં અશ્રુ દડ દડ સરી ગયાં એ ઘડીએ.
મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ
૩૦/૮/૨૦૨૨
********************************

NOG - સાહિત્ય સરિતા
NOG SS NO -120
વિષય - સંયોગ - વિયોગ
પ્રકાર - પદ્ય
શિર્ષક - દાદીમા નો સંયોગ

'દાદીમા નો સંયોગ'

નાનપણથી મને મળ્યો મારા દાદીમા નો સંયોગ,
લાડેકોડે ઉછેરી સંસ્કાર સિંચ્યા દાદીમાનો સંયોગ.
પારણીયે હાલરડું ગાતા મળ્યો દાદીમા નો સંયોગ,
દાદા-દાદી વહાલથી રમાડતા દાદીમા નો સંયોગ.
ભગરી ભેંસનું શેરકઢુ દૂધ પાતા દાદીમા નો સંયોગ,
રમીલા લાડકડી દિકરી કહેતા દાદીમા નો સંયોગ.
મારા દાદીમા ની વિદાય મારા જીવનનો વિયોગ,
દુઃખના મારે માથે ઝાડ ઉગ્યા દાદીમા નો વિયોગ.
કોઠાસૂઝ થી કામ લેતા મારા દાદીમા નો સંયોગ,
મારા વિરહની વેદના સમજતા દાદીમા નો વિયોગ.
'રમા' ભવોભવ મળે મારા દાદી માનીમા નો સંયોગ,
હે વ્હાલા જુદેરો ન કરતા મારા દાદીમા નો સંયોગ.

રમીલાબેન ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

## ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૨૨૩ લપસ્યો: સોના-ચાંદીમાં પણ નરમાઈ

પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૦૨૨૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૯૧૫૪ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૬ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૭,૨૫૪ સોદાઓમાં કુલ રૂ.૧૯,૪૦૯.૮૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૦૨૧૯.૯૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ક

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૭,૭૮૧ સોદાઓમાં કુલ રૂ.૪,૫૪૨.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૧૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૧૬૪ અને નીચામાં રૂ.૫૦,૮૪૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪૬ ઘટી રૂ.૫૦,૯૦૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૭૬ વધી રૂ.૪૧,૬૨૫ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૩ ઘટી રૂ.૫,૦૪૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૦૭૩ના ભાવે ખૂલી, રૂ.૩૧૯ ઘટી રૂ.૫૦,૮૬૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૩,૯૦૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૧૨૧ અને નીચામાં રૂ.૫૩,૯૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૩૬૩ ઘટી રૂ.૫૩,૯૬૬ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ. ૨૬૫ ઘટી રૂ.૫૪,૯૪૫ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૦૮ ઘટી રૂ.૫૪,૬૪૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૧૬૩ સોદાઓમાં રૂ.૨,૦૫૦.૮૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૫.૩૦ ઘટી રૂ.૨૦૯.૭૦ અને જસત ઓગસ્ટ વાયદો રૂ.૨.૩૫ ઘટી રૂ.૩૧૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫.૬૫ ઘટી રૂ.૬૫૮.૧૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૬,૫૯૬ સોદાઓમાં કુલ રૂ.૩,૫૭૬.૧૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૭૧૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૭૭૦ અને નીચામાં રૂ.૭,૪૮૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૨૩ ઘટી રૂ.૭,૫૧૪ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૩૦ ઘટી રૂ.૭૩૧.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૩૯૨ સોદાઓમાં રૂ.૫૦.૩૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓગસ્ટ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૯,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૫૦૦ અને નીચામાં રૂ.૪૮,૬૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦ વધી રૂ.૪૯,૦૫૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૮૦ વધી રૂ.૯૬૬.૮૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૧૧.૧૦ કરોડનાં ૪,૩૩૫.૪૮૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૩૩૧.૫૮ કરોડનાં ૪૨૪.૪૯૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૮૦૩.૩૩ કરોડનાં ૨૩,૬૬,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૭૭૩ કરોડનાં ૨૪૧૭૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૫.૨૯ કરોડનાં ૧૦૭૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૫.૦૩ કરોડનાં ૫૧.૪૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૯૪૯.૨૫૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૨૨૧.૨૩૨ ટન, ક્રૂડ તેલમાં ૫૪૦૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૨૧૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૧૧૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૬૮૮.૩૨ ટન,ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૫.૬૩ કરોડનાં ૫૧૧ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૯૭૫ના સ્તરે ખૂલી, ૮૯ પોઈન્ટ ઘટી ૧૩,૯૩૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૯,૧૫૪.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૨.૮૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૦.૩૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૭૯૫.૧૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૧૩.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૮૧.૮૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું સપ્ટેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૬ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૫ અને નીચામાં રૂ.૨૫૬ રહી, અંતે રૂ.૬૪ ઘટી રૂ.૨૭૦ થયો હતો. જ્યારે સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૯ અને નીચામાં રૂ.૨૮૮ રહી, અંતે રૂ.૨૮ ઘટી રૂ.૩૦૨ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૦૮ અને નીચામાં રૂ.૭૩૦ રહી, અંતે રૂ.૭૨.૫૦ ઘટી રૂ.૭૫૭.૫૦ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૭૦ અને નીચામાં રૂ.૮૦૫.૫૦ રહી, અંતે રૂ.૬૪.૫૦ ઘટી રૂ.૮૨૫.૫૦ થયો હતો. તાંબુ સપ્ટેમ્બર રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૨૭ ખૂલી, ઊપરમાં રૂ.૪.૨૭ અને નીચામાં રૂ.૩.૪૦ રહી, અંતે રૂ.૦.૭૫ વધી રૂ.૩.૮૪ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું સપ્ટેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૭ અને નીચામાં રૂ.૨૨૫ રહી, અંતે રૂ.૭૩ વધી રૂ.૨૮૮ થયો હતો.



આજ રોજ GPSC નું પરિણામ જાહેર થયું. જેમાં આપણા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ધ્વારા સંચાલિત 'બ્રહ્મ એકેડમી'માં તાલીમ લીધેલ અરવલ્લી જિલ્લાના ધનસુરા ના વતની શ્રી પ્રશાંતકુમાર દવે એ સમગ્ર ગુજરાત મા પ્રથમ સ્થાન મેળવી બ્રહ્મ સમાજ અને બ્રહ્મ એકેડમી નું પણ ગૌરવ વધારેલ છે.બ્રહ્મ એકેડમી ના કન્વીનર શ્રી દેવાંગભાઈ દવે ને પણ અભિનંદન. GPSCની પરિક્ષા આપનાર ૩૧૬ ઉમેદવારો પૈકી ૭૫ જેટલા ઉમેદવારો પાસ થયા છે. જે ગૌરવ ની બાબત છે. સર્વે ને અભિનંદન અને શુભેચ્છાઓ ??

- જયદીપ ઘ. ત્રિવેદી
પ્રમુખ, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ-સુરત
મંત્રી, બ્રહ્મ સમાજ દક્ષિણ ગુજરાત

## સરકારી તાલુકા પુસ્તકાલય વઘઈ દ્વારા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૬મી જન્મ જયંતિ ઉજવવામા આવી




આહવા: તા : ૨૯: સરકારી તાલુકા પુસ્તકાલય વઘઇ દ્વારા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી ની ૧૨૬ મી જન્મ જયંતી ની ઉજવણી કરવામા આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મેહમાન શ્રી દિપ્નેશભાઇ પટેલ, તથા શ્રી રવીભાઇ સુર્યવન્સી દ્વારા ગ્રથાલયના વાચક ભાઇઓ બહેનો તેમજ ગ્રામજનો માટે મેઘાણી સાહિત્યનુ પ્રદર્શન તા. ૨૮/૦૮/૨૦૨૨ રોજ જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામા આવ્યુ હતુ. આ પ્રસંગે વાચકો, ગ્રામજનો તેમજ ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મ જયતીની ઉજવણી કાયક્રમનો લાભ લીધો હતો. શ્રી રવીભાઇ દ્વારા વિર્ધાથીઓને જરૂરી માર્ગદશન પુરૂ પાડી મેઘાણી સાહિત્યનુ પ્રદર્શન અંગે વિગતવાર માહીતી આપી હતી. વઘઇના વાચકો, ગ્રામજનો તેમજ વિધાર્થીઓએ મેઘાણી સાહિત્ય પ્રદર્શન કાર્યક્રમનો લાભ લિધો હતો. વઘઇ ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી.એચ.લાડ, સેવક તરૂણભાઇ તથા અન્ય વાચક મીત્રો દ્વારા ગ્રંથાલયના કાર્યક્રમને સફળ બનાવવામા ઉમદા મેહનત કરી હતી.

નરેન્દ્ર પવાર, ડાંગ

# ડાંગ જિલ્લા આહવા ખાતે બાળ કલ્યાણલક્ષી સંકલન બેઠક યોજાઇ



આહવાઃ તાઃ ૩૦

બાળ કલ્યાણલક્ષી સંકલન બેઠક માન. અધ્યક્ષ, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી-વ- મે.પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક શ્રી એસ.પી.કેન ના અધ્યક્ષ સ્થાને તા.૨૫ ઓગસ્ટના રોજ ૧૪:૦૦ કલાકે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, આહવા, જિ.ડાંગ ખાતે યોજવામા આવી હતી. જેમા ચાઇલ્ડ વેલ્ફેર કમિટીના સભ્યો શ્રી તેમજ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, સંસ્થાને લગતા પ્રશ્નોની સમિક્ષા કરવામા આવી હતી. જેમા જર્જરીત મકાનની ચકાસણી, સંસ્થાના અંતેવાસી બાળકોના સ્વાસ્થ્ય ની સેવાઓ ત્વરીત મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ, આહવાથી નિમણુક કરેલ મેડિકલ ઓફિસર દ્વારા અઠવાડિયામાં ૨ વાર બાળકોની ચકાસણી કરવી, ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેનશ્રી અને સભ્યશ્રીઓ સંસ્થામાંથી પુનઃસ્થાપન થયેલ બાળકોને આર્થિક પ્રોત્સાહન મળી રહે તે માટે દર માસે ૨ દાતાશ્રી શોધીને લાભ આપવાની પ્રક્રિયા હાથ ધરવી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં કેસોના નિકાલ માટે સભ્યશ્રી તથા સરકારી વકીલશ્રીએ કેસોનો અભ્યાસ કરી નિકાલ કરવાની પ્રક્રિયા હાથ ધરવ, સંસ્થામાં ભૌતિક તથા વહીવટી સુવિધાઓ અને અંતેવાસી બાળકોને મળતી તમામ સેવા-સુવિધાઓની દેખરેખ કરી નિરીક્ષણ કરવુ,લજિલ્લા સ્તરે બાળલગ્નો અટકાવવા માટે ગામોમાં લીગલ કેમ્પનું આયોજન કરવું તેમજ ગામના સરપંચ,તમામ વોર્ડના સભ્યોશ્રીઓ, ગામ આગેવાન, પોલીસ પટેલ, પદાધિકારીશ્રીઓ તથા ગ્રામજનો સાથે બેઠક કરી ગામામાં બાળલગ્નો ન થાય તે માટે જાગૃત કરી કાયદાકીય માહિતી આપવી તથા યોજનાની પાત્રતા ધરાવતા બાળકોને યોજનાકીય લાભ આપવો વગેરે પ્રશ્નો અંગે સમિક્ષા કરવામા આવી હતી.

આ બેઠકમા અધીક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.એમ.ગામીત, નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડો.જે.જે.ગામીત, કાર્યપાલક ઈજનેર શ્રી એસ.આર.પટેલ, ચાઇલ્ડ વેલ્ફેર કમિટી સભ્યશ્રી શ્રીમતી એચ.વી.પટેલ, શ્રી કે.એસ.ગાવિત, શ્રી પી.આર.પટેલ, શ્રી આર.એમ.કામડી, સભ્યસચિવ શ્રી જે.એમ.ચૌધરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ

# ચાણસ્મા તાલુકા પંચાયતની સામાન્ય સભા મળી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકા પંચાયતના પ્રમુખ ની અધ્યક્ષતામાં ચાણસ્મા તાલુકા પંચાયતના સભાહોલમાં સામાન્ય સભા મળી હતી. જેમાં વિકાસના કામોમાં શરતી મંજુરીના જે કામો હતા એનું નવેસરથી આયોજન કરવામાં આવ્યું. તેમજ તાલુકામાં થયેલ અન્ય વિકાસના કામ બાબતે ચર્ચા કરવામાં આવી. જેમાં ૧૫ નાણાપંચના કામોની વીસ ટકા બચત રહેલા કામોના આયોજનની ચર્ચા કરાઈ હતી. અને હાલમાં ચાલી રહેલા વિકાસલક્ષી કામોની સમીક્ષા કરાઈ હતી. ચાણસ્મા તાલુકાના વડાવલી કંબોઇ ધીણોજ જેવા ગામોમાં સીસી રોડ કેટલાંક વિસ્તારમાં બાકી રહેલી ભૂગર્ભ ગટર યોજના સંદર્ભે તાલુકા સદસ્યોની રજૂઆતના પગલે ખાસ આયોજનમાં તેવા કામોનો સમાવેશ કરાયો હતો. જ્યારે ખાસ અંગભૂત યોજના ચાણસ્મા તાલુકાના ઝીલિયા જસલપુર સેવાળા સહિતના ગામના કેટલાક બાકી રહેલા ખાસ અંગભૂત યોજના અંતર્ગત કામો પણ પૂર્ણ થાય તે અંગે ન્યાય સમિતિના ચેરમેન ભાવનાબેન પરમાર દ્વારા ઉપસ્થિત અધિકારીઓને ખાસ તાકીદ કરાઇ હતી. આ બેઠકમાં કારોબારી અધ્યક્ષ બાબુભાઈ પટેલ, તમામ સદસ્યશ્રીઓ ,ન્યાય સમિતિના ચેરમેન ભાવનાબેન રાકેશકુમાર પરમાર, તાલુકા વિકાસ અધિકારી લક્ષ્મીબેન ઠાકોર, નાયબ તાલુકા વિકાસ અધિકારી સુનીલ કુમાર ઝાલા,તાલુકા સ્ટાફ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ચાણસ્મા પિંપળેશ્વર મહાદેવ ખાતે બ્રહ્મસમાજની બહેનો દ્વારા સમુહમાં કેવડા વ્રતની પૂજા કરાઈ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

ચાણસ્મા શહેરમાં બ્રહ્મ સમાજની બહેનો દ્વારા કેવડાત્રીજના દિવસે સામુહિક રીતે કેવડાત્રીજની પૂજા કરાઇ હતી.

જેમાં પાથેશ્વર શિવજી પાર્વતીજી ગણેશજી સહિત શિવ પરિવારની ચાણસ્મા શહેરની બ્રહ્મ સમાજની મહિલાઓ દ્વારા પૂજા કરવામાં આવી હતી. અને જ્યારે પ્રકાંડ પંડિત ભાર્ગવભાઈ ગુરૂ શાસ્ત્રીજી દ્વારા વૈદિક મંત્રો સાથે કેવડાત્રીજની પૂજા કરવામાં આવી હતી જ્યારે બ્રહ્મસમાજના અગ્રણી




પ્રફુલભાઇ વ્યાસ સ્વપ્નિલભાઈ વ્યાસ આરતીબેન વ્યાસ સહિત મહિલા અગ્રણીઓ દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું

# ચાણસ્મા ટ્રાફિક પોલીસે વાહનચાલકોને ગુલાબનું ફુલ આપી ટ્રાફિક ના નિયમો સમજાવ્યા

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

જાયન્ટ્સ ચાણસ્મા અને હાઈવે પોલીસ TRB ચાણસ્મા દ્વારા આવતા જતાં વાહનો ને રોકીને રિફલેટર લગાવી ગુલાબ નું પુષ્પ આપી ટ્રાફિક અવરનેશ નો કાર્યક્રમ કરવામાં આવેલ. તેમાં જાયન્ટ્સ પ્રમુખ વસંતભાઈ ,જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન ના વી.પી.ઈશ્વરભાઈ ,ઝોન વી.પી.બીપીનભાઈ, ઉપ પ્રમુખ ચંદુભાઈ,મંત્રી નારણભાઇ,વિષ્ણુભાઈ, અશોકભાઈ, પ્રવીણભાઈ, પ્રો.ચેરમેન અરવિદભાઈ દરજી, આજના કાર્યક્રમ દાતા રમેશભાઈ રાજારામ પટેલ,TRB હે.કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ




બારોટ,અશોકભાઈ ચૌધરી દ્વારા આવતા જતાં વાહનોને રોકીને ટ્રાફિક ના નિયમો ની સમજ આપી રેડિયમ રિફલેટર લગાવી અને સીટબેલ્ટ લગાવવા બાબતે ખાસ ધ્યાન દોરવામાં આવેલ.આ રીતે જાયન્ટ્સ ચાણસ્મા ના સહયોગથી જાયન્ટ્સ સપ્તાહ ઉજવણીના ભાગ રૂપે ટ્રાફિક અવરનેશ કાર્યક્રમ હાઈવે પોલીસ ચોકી ચાણસ્મા એ યોજાયો હતો.

## કે. કે. શાહ જરદોશવાલા મણીનગર સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ સહિત નવ જણા સામે ૧.૦૨ કરોડની સોઇલ ટેસ્ટની ગ્રાન્ટની બારોબાર ઉચાપત કરવાની ફરિયાદ

કલમ ક્રાંતિ ન્યુઝ, અમદાવાદ

બાઈ જીવકોર લલ્લુભાઈ ટ્રસ્ટની મણીનગરમાં આવેલ કે.કે.શાહ જરદોશવાલા મણિનગર સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ સહિત નવ જણા સામે બેંકમાં ખાતું હોવા છતાં અન્ય બેંકમાં બોગસ ખાતું ખોલાવી રૂપિયા ૧.૦૨ કરોડની સોઈલ ટેસ્ટની ગ્રાન્ટ બોગસ ખાતામાં જમા કરાવી નાણા ટ્રાન્સફર કરી ઉચાપત કરવાની આક્ષેપ કરતી ફરિયાદ મણીનગર પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી છે.

વકીલાતનો વ્યવસાય કરતા અને ઘોડાસરમાં રહેતા ચેતનકુમાર જેઠાલાલ શાહે નોંધાવેલ ફરિયાદ મુજબ તેઓ બાઈ જીવકોર લલ્લુભાઈ ટ્રસ્ટમા વર્ષ ૨૦૧૯

થી ટ્રસ્ટી તરીકે ફરજ બજાવે છે. આ ટ્રસ્ટ દ્વારા કે કે શાહ જરદોશ વાલા મણીનગર સાયન્સ કોલેજ ચલાવવામાં આવે છે.તેના પ્રિન્સિપાલ ઋતેશ આર શાહ છે.પ્રિન્સિપાલ તથા તેમના મળતીયા દ્વારા ૨૦૧૨ થી તેમની સત્તાનો દુરુપયોગ કરી ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી તરફથી સોઈલ ટેસ્ટ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટના નાણાં બારોબાર બોગસ ખાતામાં મેળવી લઈ ઉપાડી લેવા માટે

દેના બેક્રમાં બોગસ ખાતું ખોલાવવામાં આવ્યું હતું. તેમજ ખોટા વાઉચર ,બિલો,સહીતના ખોટા પુરાવા ઉભા કરવામાં આવ્યા હતા. સોઈલ ટેસ્ટ પેટે આવતી રૂપિયા ૧.૦૨ કરોડની ગ્રાન્ટ બારોબાર ઉપાડી લઈ અંગત ફાયદા માટે વાપરી કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું.

ટ્રસ્ટી દ્વારા સોઈલ ટેસ્ટની ગ્રાન્ટ બાબતે રેકોર્ડની તપાસ કરતા લાભ મેળવનાર વિદ્યાર્થીઓની આઅંગે પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે વિદ્યાર્થીઓને કોલેજ તરફથી કોઈ જ નાણા મળ્યા નથી. તેમજ તેઓએ અભ્યાસકાળ દરમિયાન સોઈલ ટેસ્ટ અંગેનું કોઈ પણ કાર્ય કર્યું નથી!અને કોઈપણ વાઉચરમાં તેઓએ સહી કરી નથી.બેંકમાંથી પૈસા ઉપાડ્યા નથી. આમ પ્રિન્સિપાલ સહિતના અન્ય લોકોએ એકબીજાના મેળાપણામાં બોગસ ખાતામાંથી ખોટા રેકોર્ડ ઉભા કરી, નાણા ઉપાડી પોતાના અંગત કામ માટે વાપરી મોટુ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું જણાતા ટ્રસ્ટી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# સંસ્થા સમાચાર -





રોટરી કલબ ઓફ બોરીવલી અને ઈનર વીલ કલબ ઓફ બોરીવલી દ્વારા પ્રોજેક્ટ શિલ્પકાર હેઠળ ગણપતિની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવવાના વર્ક શોપનું આયોજન કરાયું હતું. ડિસ્ટ્રીક્ટ ૩૧૪૧ દ્વારા માટી અને અન્ય સામગ્રી અપાઈ હતી. એનવાઈર્મેન્ટ ડિરેક્ટર અશ્વિન ગાલાએ તૈયાર કરેલા આ પ્રોજેક્ટમાં વિવિધ શાળાઓના ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉર્વી, કે. વી.પ્રેમરાજ, જિજ્ઞા મિસ્ત્રી, રશ્મિકાંત, નરેન્દ્ર, રૂમા, અવિનાશ, જયનીશા, કેતલ, આરતી, સરિતા, બબન, મનીષ જ્ઞાની વગેરે એ આ પ્રોજેક્ટ માં સહકાર આપ્યો હતો અને પર્યાવરણની જાળવણી અંગે જાણકારી આપી હતી.

# આહવા ખાતે યોજાઈ જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા યોજાઇ

આહવાઃ તા : ૨૯: ભારત સરકાર દ્વારા માન્ય નેશનલ યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આહવા સરકારી માધ્યમિક શાળા ખાતે યોગાસન સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ હતુ.




આ સ્પર્ધામા કુલ ૧૭૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એમ.સી.ભૂસારા, રમતગમત અધિકારી, સરકારી માધ્યમિક શાળા આચાર્ય, ડાંગ યોગાસન કોર્ડિનેટર શ્રીમતી રચનાબેન ચલિયાવાલા, તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધામા ભાગ લેનાર, અને વિજેતા થયેલ સ્પર્ધકો હવે પછી વધુ કોચિંગ મેળવ્યા બાદ રાજ્ય કક્ષાએ ભાગ લેશે. આ ઉંપરાત તેમને ઈન્ડિયા ગેમ્સ, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન દ્વારા યોજાતી નેશનલ ગેમ્સમા ભાગ લેવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થશે.

ડાંગ જિલ્લા યોગાસન કોર્ડિનેટર, કમલેશભાઈ પત્રેકર, યોગ ટ્રેનર સરિતાબેન, દીપમાલબેન, રમેશભાઈ, બીપીનભાઈ, રણજીતભાઈ, મથુરાબેન, જયરાજભાઈ પરમાર વગેરેએ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. જિલ્લા કક્ષા સ્પર્ધામા યોગાસનના ખેલાડીઓ, યોગ શિક્ષકો, યોગાસન કોચ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ




નાનાચિલોડામાં ૨૫,૦૦૦ થી વધુ પ્રજાજનો રહેતા હોય ત્યારે આ એરિયામાં એક પણ પોસ્ટ ઓફિસ કે ટપાલ પેટી નથીઃ- નાના ચિલોડ સરદાર નગર વોર્ડ અમદાવાદ નાનાચિલોડામાં આટલો મોટો વિસ્તાર હોવા છતાં એક પણ પોસ્ટ ઓફિસ કે ટપાલ પેટી ના હોવાથી સાત કિલોમીટર દૂર નરોડા જીઆઈડીસી માં જવું પડે છે અહીંથી સાત કિલોમીટર દુર હોવાના કારણે પ્રજાનો સમય તેમજ પેટ્રોલ કે રિક્ષામાં જાય તો ૩૦ રૂપિયા ભાડું ચૂકવવું પડે છે આવી મોંઘવારીમાં સમય તેમજ પૈસા બગડે તો પ્રજાજનોને પોસાય તેમ નથી આટલો મોટો વિસ્તાર હોવાથી પ્રજા જનની સુખકારી માટે નાનાચિલોડામાં તાત્કાલિક ધોરણે પોસ્ટ ઓફિસ કે ટપાલ પેટી મૂકવામાં પ્રજાના લોકહિતમાં છે તો પ્રજાજનોની માગણી છે જે વહેલામાં વહેલી તકે પોસ્ટ ઓફિસ કે ટપાલ પેટી મૂકવામાં આવેઃ- સામાજિક કાર્યકર પરેશભાઈ આર ઠક્કર

## બગાસુ ખાતા પતાસુ મળ્યું

# ઝોન-૫ ડીસીપી સ્કોડે કઠવાડા જીઆઈડીસીની સામે હુડકો ઈન્દિરા વસાહત ઉમાનગર પાસેથી ૨૬૪૦(૧૦૦પેટી) દારૂની બોટલો સાથે બુટલેગરને ઝડપાયો

કલમ ક્રાંતિ ન્યુઝ, અમદાવાદ

રાજ્ય સરકાર દ્વારા દારૂની બદીને નાબૂદ તથા દારૂના અડ્ડા બંધ કરાવી બુટલેગરો સામે કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે. પોલીસ તંત્ર પણ આ બાબતે કડક પગલાં ભરી રહેલ છે. ત્યારે અમદાવાદ શહેરમાં રીંગ રોડ ઉપરથી દારૂ ઘુસાડવામાં આવતો હોવાનું છેલ્લા ઘણા સમયથી બહાર આવ્યું છે. ઝોન પાંચ ડીસીપીના સ્કોડ દ્વારા દારૂ ભરેલ વાહનનું ટાયર ગટરમાં ફસાઈ જતા વાહનમાંથી ૧૦૦ પેટી અંગ્રેજી બનાવટનો દારૂ ઝડપી એક બુટલેગરની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. ત્યારે નિકોલ પોલીસ સ્ટેશનની હદમાથી દારૂનો મોટો જથ્થો ઝળપાતા નિકોલ પોલીસ ઊંઘતી ઝડપાઈ છે.

ઝોન પાંચ ડીસીપી સ્કોર્ડના પીએસઆઈ અને તેમની ટિમને બાતમી મળી હતી કે છોટા હાથી નિકોલ વિસ્તારમાં મોટી માત્રામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો આવવાનો છે. બાતમીના આધારે ઝોન પાંચ ડીસીપી સ્કોર્ડ દ્વારા વોચ ગોઠવવામા આવી હતી. ત્યારે કંઠવાડા જીઆઈડીસીની સામે હુડકો ઈન્દિરા વસાહત ઉમાનગર પાસે બાતમી વાળું વાહન આવતા ત્યા તે વાહનનુ ટાયર ગટરમાં ફસાઈ જતા ઝોન ૫ સ્કોડની ટીમે તેમાં તપાસ કરતા ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

બીજીબાજુ ઝોન ૫ સ્કોડએ દારૂનો જથ્થો લઈ આવનાર આરોપીની પૂછપરછ કરતા અરવિંદ કુમાર પ્રજાપતિ(ઉ.૩૦,રહે,બાપુનગર)હોવાનું જણાવ્યું હતું.અડાલજથી વિજય નામના વ્યક્તિએ દારૂનો જથ્થો નિકોલ સુધી પહોંચાડવાનું કહ્યું હોવાનું ઝડપાયેલ બુટલેગરની તપાસમાં જાણવા મળ્યું હતું. જોકે આરોપી પાસેથી ૨૬૪૦(૧૦૦પેટી) દારૂની બોટલો,વાહન સહિત કુલ ૫,૬૭,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.માલ મોકલનાર વિજય નામના વ્યક્તિને વોન્ટેડ જાહેર કરી આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.નિકોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર તેમ જ વહીવટદાર આટલા મોટા દારૂના જથ્થાથી અજાણ હોય તેવું માનવામાં આવતું નથી. તેમના છુપા આશીર્વાદ બુટલેગરો સાથે હશે જ તેવી પોલીસ બેડામાં ચર્ચાઓ ચાલી રહી છે.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય રમત દિનની ઉજવણી કરાઈ

આહવાઃ તાઃ ૩૦ઃ ડાંગ જિલ્લા સેવાધામ ખાતે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ૨૯ ઓગસ્ટ રાષ્ટ્રીય રમત દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામા આવ્યુ હતુ. સંસ્થાના સહયોગથી કબડી સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા યુવાઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. રાષ્ટ્રીય રમત દિન નિમિત્તે યુવાઓને રમતો થકી શારીરિક અને માનસિક તંદુરસ્તી જળવાઈ શકાય છે તે માટેનો સંદેશો આપવામા આવ્યો હતો.

નરેન્દ્ર પવાર, ડાંગ




# સુબિર ખાતે તાલુકા કક્ષાનો કલામહાકુંભ કાર્યક્રમ યોજાયો

આહવાઃ તાઃ ૩૦ઃ ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, અને ડાંગ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ, સુબિર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે સુબિર તાલુકાનો કલામહાકુંભ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આ કાર્યક્રમમા કુલ ૧૧ શાળાના વિધ્યાર્થીઓએ ભાગ લિધો હતો.

સુબિર તાલુકા કલામહાકુંભના મુખ્ય આયોજક શ્રી સુનિલભાઇ બાગુલે જણાવ્યુ હતુ કે, ૬ થી ૧૪ વયજુથમા ૬ પ્રાથમિક શાળાના વિધ્યાર્થીઓ અને ૧૫ થી ૨૧ વયજુથમા ૧૦ માધ્યમિક અને ઉચ્ચત્તાર માધ્મમિક શાળાના વિધ્યાર્થીઓએ વકૃત્વ, નિબંધ



લેખન, ચિત્રકલા, ભરતનાટયમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્નગીત, સમુહગીત, લોકગીત/ભજન જેવી સ્પર્ધાઓમા ભાગ લીધો.

કલામહાકુંભ કાર્યક્રમમા કુલ ૨૯૦ વિધ્યાર્થીઓએ રસ પુર્વક ભાગ લઇ ક્રમાકો મેળવ્યા હતા. પ્રથમ અને દ્વિતીય ક્રમામ મેળવનાર બાળકો જિલ્લા કક્ષાએ ભાગ લેશે તેમ શ્રી સુનિલભાઇ બાગુલે જણાવ્યુ હતુ.

નરેન્દ્ર પવાર, ડાંગ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.